dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 273 | AD - 2026, Jeth Vad -09 | Thursday, Dt. 09-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ટ્રમ્પના ઈરાન અંગેના નિવેદન બાદ શેરબજારમાં ભારે કડાકો

# સેન્સેક્સ ૧,૬૭૭ પોઈન્ટ તૂટતા રોકાણકારોના રૂ.૧૦ લાખ કરોડ ધોવાયા

મુંબઈ,તા.૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન અંગેના કડક નિવેદન અને પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવની અસર બુધવારે ભારતીય શેરબજાર પર સ્પષ્ટ જોવા મળી હતી. ભારે વેચવાલીના કારણે બીએસઈ સેન્સેક્સ ૧,૬૭૭ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો, જ્યારે એનએસઈ નિફ્ટી ૫૮૧ પોઈન્ટ તૂટીને ૨૩,૯૦૦ના મહત્વના સ્તરથી નીચે સરકી ગયો. દિવસ દરમિયાન સેન્સેક્સ એક સમયે ૧,૯૧૪ પોઈન્ટ સુધી ગગડ્યો હતો. બજારમાં આવેલા આ ઘટાડાને કારણે રોકાણકારોની અંદાજે રૂ.૧૦ લાખ કરોડની સંપત્તિ એક જ દિવસમાં ધોવાઈ ગઈ અને બીએસઈમાં નોંધાયેલી કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને આશરે રૂ.૪૭૦ લાખ કરોડ રહ્યું.

બજારમાં તમામ ૩૦ સેન્સેક્સ શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી બેંક, એફએમસીજી તેમજ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૨ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો પણ લગભગ ૨ ટકા નીચે રહ્યા હતા. જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ, મારુતિ સુઝુકી, હિન્દુસ્તાન યુનિલિવર, કોટક મહિન્દ્રા બેંક અને ભારતી એરટેલ જેવા અગ્રણી શેરોમાં પણ નોંધપાત્ર વેચવાલી જોવા મળી હતી. એનએસઈ પર ૨,૫૨૫ શેર ઘટાડા સાથે બંધ થયા, જ્યારે માત્ર ૬૯૪



શેરમાં વધારો નોંધાયો હતો. બજારની અસ્થિરતા દર્શાવતો ઈન્ડિયા VIX પણ ૨૭ ટકા વધીને ૧૪.૮૫ પર પહોંચ્યો હતો. બજારમાં આ ભારે ઘટાડા પાછળ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. ટ્રમ્પે ઈરાન સાથેનો યુધ્ધ વિરામ કરાર સમાપ્ત થયાનો દાવો કર્યો હતો. ત્યારબાદ અમેરિકાએ ઈરાન પર હવાઈ હુમલા કર્યા અને ઈરાની ક્રૂડ ઓઈલના વેચાણ પર વધુ પ્રતિબંધો લાદ્યા હોવાનું જણાવ્યું હતું. બીજી તરફ, ઈરાન તરફથી પણ જવાબી કાર્યવાહી અંગેની ચેતવણી મળતાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધુ ઘેરાવાની આશંકા વધી છે. હોર્મુઝ જળમાર્ગમાં તેલ પુરવઠો ખોરવાઈ શકે તેવી ચિંતાએ વૈશ્વિક રોકાણકારોમાં ગભરાટ ફેલાવ્યો છે. ભૂ-રાજકીય તણાવની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારો પર પણ જોવા મળી હતી. બ્રેન્ટ ક્રૂડનો ભાવ લગભગ ૫ ટકા વધીને પ્રતિ બેરલ ૭૮ ડોલરને પાર પહોંચ્યો, જ્યારે ડબ્લ્યુટીઆઈ ક્રૂડ પણ તેજી સાથે આગળ વધ્યો. યુરોપના એફટીએસઈ-૧૦૦, સીએસી-૪૦ અને ડીએએક્સ સહિતના મુખ્ય શેરબજારોમાં લગભગ ૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એશિયામાં જાપાનનો નિક્કી અને દક્ષિણ કોરિયાનો કોસ્પી પણ નબળા બંધ થયા હતા. ભારતીય રૂપિયો પણ અમેરિકન ડોલર સામે નબળો પડી ૯૫.૫૦ની આસપાસ પહોંચ્યો હતો. બજાર નિષ્ણાતોના મતે ક્રૂડ ઓઈલના વધતા ભાવ, મજબૂત ડોલર અને પશ્ચિમ એશિયાની અનિશ્ચિતતા આગામી દિવસોમાં પણ બજારની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જોકે ભારતના મજબૂત આર્થિક પાયા અને વિદેશી રોકાણની સંભાવનાઓ લાંબા ગાળે બજારને ટેકો આપી શકે છે.

# અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી કેસમાં ત્રણ આરોપીઓ રિમાન્ડ પર, નકલી રસીદ બુક મળી

અયોધ્યા,તા.૦૮

અયોધ્યા રામ મંદિરમાંથી દાનની રકમમાં ગેરરીતિ અને ચોરીના મામલે પોલીસે લવકુશ મિશ્રા, અનુકલ્પ મિશ્રા અને કરુણેશ પાંડેને ૪૦ કલાકના રિમાન્ડ પર લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે. તપાસ દરમિયાન પોલીસને રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના નામે તૈયાર કરાયેલી એક જૂની અને નકલી રસીદ બુક મળી આવી છે. આ રસીદ અસલી જેવી જ દેખાતી હોવાથી દાતાઓને કોઈ શંકા જતી નહોતી. પૂછપરછ



દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું કે શરૂઆતના સમયમાં મંદિર ખાતે દાન આપવા આવતા લોકો પાસેથી નકલી રસીદ આપીને રૂપિયા વસૂલવામાં આવતા હતા. બાદમાં ઓનલાઈન રસીદ વ્યવસ્થા શરૂ થતા આ રીત બંધ કરી દેવાઈ હતી. SITના અહેવાલ મુજબ સીસીટીવી ફૂટેજમાં ત્રણેય આરોપીઓ પોતાના ખિસ્સામાં ચલણી નોટો મુકતા સ્પષ્ટ જોવા મળ્યા હતા. પોલીસ સવારે ફૈઝાબાદ જેલ પહોંચી ત્રણેય આરોપીઓને કસ્ટડીમાં લઈ ગઈ હતી. બીજી તરફ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવ ગિરી ચંપત રાયને મળવા પહોંચ્યા હતા. ચંપત રાય હાલમાં તીર્થ ક્ષેત્ર પુરમમાં એકાંતવાસમાં છે. તેમણે મૌનવ્રત તોડીને જાહેર કરેલા નિવેદનમાં પોતાના સામે લગાવાયેલા તમામ આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા હતા. સમગ્ર મામલે પોલીસની તપાસ હજુ આગળ ચાલી રહી છે.

### પૂછપરછમાં દાતાઓ પાસેથી નકલી રસીદ આપી રૂપિયા વસૂલ્યાની કબૂલાત

# ઈરાન પર અમેરિકાના હુમલા બાદ પ.એશિયામાં તણાવ વધ્યો, કુવૈત-બહેરીનમાં મિસાઈલ એલર્ટ

કુવૈત,તા.૮

ઈરાન પર અમેરિકાના તાજેતરના હવાઈ હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સ્થિતિ અત્યંત ગંભીર અને સંવેદનશીલ બની ગઈ છે. અમેરિકી કાર્યવાહીના પગલે કુવૈત અને બહેરીન જેવા પડોશી દેશોએ પણ પોતાની દિશામાં મિસાઈલો આવતી હોવાની આશંકાએ એર ડિફેન્સ સિસ્ટમ (હવાઈ સંરક્ષણ પ્રણાલી) સક્રિય કરી દીધી છે. જોકે, આ મિસાઈલો પ્રહાર કરવામાં સફળ રહી છે કે નહીં તેની સત્તાવાર વિગતો હજુ સામે



આવી નથી.

અમેરિકાએ સ્પષ્ટતા કરી છે કે આ હુમલો ઈરાન દ્વારા હોર્મુઝ જળમાર્ગ નજીક ત્રણ આંતરરાષ્ટ્રીય જહાજોને નિશાન બનાવવાના જવાબમાં કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અમેરિકાએ ઈરાન પર આકરા આર્થિક પ્રતિબંધો લાદીને વૈશ્વિક બજારમાં તેના ક્રૂડ ઓઈલના વેચાણ પર સકંજો કસવાની જાહેરાત કરી છે. સામે પક્ષે, ઈરાને આ હુમલાનો વળતો અને આકરો જવાબ આપવાની ચીમકી ઉચ્ચારી છે, જેના કારણે પ્રદેશમાં મોટા પાયે સૈન્ય સંઘર્ષ ફાટી નીકળવાની દહેશત છે.

આ ભયાનક સ્થિતિ વચ્ચે સમગ્ર પશ્ચિમ એશિયામાં સુરક્ષા વ્યવસ્થા સખત કરી દેવામાં આવી છે. સંરક્ષણ વિશ્લેષકોના મતે, આ સૈન્ય ટકરાવને કારણે ભવિષ્યમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો થવાની શક્યતાઓ નહિવત બની ગઈ છે અને સમગ્ર ક્ષેત્ર અનિશ્ચિતતાના માહોલમાં ધકેલાયું છે.

### પ્રધાનમંત્રી ઓસ્ટ્રેલીયા જવા થયા રવાના, મહત્વના કરારો થશે

# ઈન્ડોનેશિયામાં પીએમ મોદીએ પ્રાચીન હિન્દુ મંદિરની મુલાકાત લીધી

જાર્કાતા,તા.૦૮

ઈન્ડોનેશિયાના પ્રવાસના ત્રીજા અને અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સૌથી મોટા અને પ્રાચીન હિન્દુ મંદિર પ્રમ્બાનન પહોંચ્યા હતા. અંદાજે એક હજાર વર્ષ જૂના આ ભવ્ય મંદિર ખાતે તેમણે જીર્ણોધ્ધારના કામનું લોકાર્પણ કર્યુ હતું. મંદિર પરિસરમાં ધાર્મિક વિધિમાં જોડાઈ આરતી કરી હતી અને આશીર્વાદ લીધા



હતા. આ પ્રસંગે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો પણ તેમની સાથે હાજર રહ્યા હતા. બંને નેતાઓએ મંદિરની ભવ્યતા નિહાળી અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અંગે ચર્ચા કરી હતી. વડાપ્રધાને પોતાના સામાજિક માધ્યમ પર રાષ્ટ્રપતિ સાથેની તસવીરો તેમજ મંદિરનો સુંદર નજારો દર્શાવતો વિડિયો પણ મુક્યો હતો. આકાશમાંથી દેખાતા મંદિરના દ્રશ્યોએ લોકોનું ધ્યાન ખેંચ્યુ હતું. વડાપ્રધાન આજે સાંજના સમયે ઈન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેર જવા રવાના થયા હતા તેમનો પ્રવાસ દસ જુલાઈ સુધી ચાલવાનો છે જ્યાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે અને બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા ચર્ચાઓ કરશે. આ પહેલા ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે મહત્વનો રક્ષા કરાર પણ જાહેર થયો હતો. પ્રથમ વખત હજારો કરોડ રૂપિયાના આ કરાર હેઠળ ઈન્ડોનેશિયા ભારત પાસેથી બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલ ખરીદશે. સાથે જ મલક્કાની ખાડી નજીક આવેલા સાબાંગ બંદરના વિકાસમાં પણ ભારત મહત્વની ભૂમિકા ભજવશે. આ કરારને બંને દેશો વચ્ચે રક્ષા અને વ્યૂહાત્મક સહકાર માટે મહત્વનો પગલુ માનવામાં આવી રહ્યુ છે. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# મુંબઈ એરપોર્ટ પર બે વિમાન સામસામે આવ્યા, દુર્ઘટના ટળી

મુંબઈ,તા.૦૮

મુંબઈ એરપોર્ટ પર મંગળવારે રાત્રે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના બે વિમાનો એક જ રનવે પર સામસામે આવી ગયા હતા. આ ઘટના રાત્રે ૧૦ વાગ્યાની હોવાનું જણાવાયું છે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, એર ઈન્ડિયાના વિમાને એર ટ્રાફિક કંટ્રોલરના નિર્દેશ પર ટેક-ઓફ રન રોકી દીધો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી



ગઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન લેન્ડિંગ પછી રનવે પરથી હટ્યું ન હતું, ત્યારે જ દિલ્હી જતું એર ઈન્ડિયાનું વિમાન તે જ રનવે પરથી ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યું હતું. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું કે સિલિગુડીથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ રનવે ખાલી કરી રહી હતી. જ્યારે દિલ્હી જતી ફ્લાઈટ AI816ના ક્રૂએ ATCના નિર્દેશ મળતા જ ટેકઓફ રન તરત રોકી દીધો અને વિમાનને પાછું પાર્કિંગ એરિયામાં લઈ જવામાં આવ્યું. એરલાઈન અનુસાર, વિમાનની સ્ટાન્ડર્ડ ઓપરેશન પ્રોસિજર હેઠળ તપાસ કરવામાં આવશે.





# લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર ઝાકીર ગનઈ ઠાર

જમ્મુ,તા.૦૮

જમ્મુ અને કાશ્મીરના શોપિયામાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. એન્કાઉન્ટરના ચાર દિવસ પછી બુધવારે લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર ઝાકીર ગનઈનો મૃતદેહ તેના હથિયારો સાથે મળી આવ્યો હતો. સુરક્ષા એજન્સીઓ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યુ છે. શનિવારે સીસીટીવી ફૂટેજમાં બે આતંકવાદીઓ જોવા મળ્યા હતા, અને તે જ દિવસે એન્કાઉન્ટર શરૂ થયું હતું. અંતે, ચાર દિવસ પછી, શોપિયાના



ચાનપોરા ગામમાંથી માર્યા ગયેલા આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. હવે પુષ્ટિ થઈ છે કે શોપિયા એન્કાઉન્ટરમાં લશ્કરના ટોચના કમાન્ડર ઝાકીર ગનાઈનું મોત થયું હતું. તેનો મૃતદેહ આજે શોપિયામાં મળી આવ્યો હતો.



સંજોગ ન્યૂઝ

આપણું અમરેલી

ગુરુવાર, તા.૦૯-૦૭-૨૦૨૬

# સા.કુંડલા-લીલીયામાં ભારે વરસાદથી નુકસાન થતા મહેશ કસવાળાની મુખ્યમંત્રી સમક્ષ સહાયની માંગ

**ખેડૂતો, પશુપાલકો અને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત આપવા રજૂઆત**

સા.કુંડલા,તા.૦૮

સાવરકુંડલા-લીલીયા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદના કારણે વ્યાપક નુકસાન સર્જાયું છે. ખેતી, પશુપાલન અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે અસર જોવા મળી છે. શેત્રુંજી નદી કાંઠાના અનેક ગામોમાં ખેતરોમાં વાવેલા પાકનું ધોવાણ થયું છે તેમજ પશુપાલકોની નીરણને પણ નુકસાન પહોંચ્યું છે. અનેક ગામોમાં ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતા ઘરવખરી પલળી ગઈ હતી અને લોકોને ભારે મુશ્કેલીઓનો



સામનો કરવો પડ્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાળાએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીને પત્ર લખી ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોને તાત્કાલિક આર્થિક સહાય, નુકસાનનું ઝડપી સર્વેક્ષણ અને જરૂરી રાહત જાહેર કરવાની માંગ કરી છે. તેમણે અસરગ્રસ્ત પરિવારોને વહેલી તકે સહાય મળે તેવી અપીલ કરી છે.

# બગસરામાં સફાઈ કામદારોની વિવિધ માંગ સાથે પાલિકા પ્રમુખને આવેદન

બગસરા,તા.૦૮

બગસરામાં વાલ્મિકી સમાજ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને સંબોધીને પાલિકા પ્રમુખને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદન બાદ તમામ સફાઈ કામદારોએ પાલિકા કચેરીએ ઉપસ્થિત રહી પોતાની વિવિધ સમસ્યાઓને લઈને ધારદાર રજૂઆતો કરી હતી. કામદારોએ



તસવીર : હાર્દિક બામટા

સમયસર પગાર ચુકવવા, ચડત પગાર એક સાથે આપવા, ખાલી જગ્યાઓ પર કાયમી ભરતી કરવા અને વધતા કામના ભારને ઘટાડવા વધારાના કર્મચારીઓ રાખવાની માંગ કરી હતી. ઉપરાંત નિવૃત્ત અને ફરજ દરમિયાન મૃત્યુ પામેલા કર્મચારીઓના આશ્રિતોને નોકરી આપવા, દર મહિને સલામતીના સાધનો પૂરા પાડવા તેમજ શ્રમ વિભાગના નિયમ મુજબ ૩૦ દિવસનો પગાર અને સવેતન સાપ્તાહિક રજાનો લાભ આપવાની માંગ ઉઠાવી હતી. સમગ્ર મામલે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવા માંગ કરાઈ હતી.

# લીલીયાના ડો.કુંભાણીએ ૬૦ વૃક્ષો વાવી જન્મદિવસની ઉજવણી કરી

અમરેલી,તા.૦૮



લીલીયાના ડો. જયંતીભાઈ કુંભાણીએ પોતાના ૬૦મા જન્મદિવસની ઉજવણી વાણિજ્ય કોલેજ ખાતે ૬૦ વૃક્ષોનું વાવેતર કરીને કરી હતી. પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા સાથે હરિયાળી વધારવાનો સંદેશ આપ્યો હતો. તેમના આ સેવાભાવી કાર્યને સ્થાનિક લોકો, મિત્રવર્તુળ અને શુભેચ્છકોએ હર્ષભેર બિરદાવ્યું હતું. જન્મદિવસને સમાજ ઉપયોગી કાર્ય સાથે જોડવાની તેમની પહેલને સૌએ પ્રશંસનીય ગણાવી હતી.

# લીલીયા તાલુકામાં અતિભારે વરસાદથી અસરગ્રસ્ત છેવાડાના ગામોમાં કોંગ્રેસ દ્વારા ભોજન વિતરણ

લીલીયા,તા.૦૮

લીલીયા તાલુકામાં અતિભારે વરસાદથી અસરગ્રસ્ત છેવાડાના ગામોમાં કોંગ્રેસ દ્વારા ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતની સૂચનાથી પક્ષના કાર્યકરો દ્વારા અસરગ્રસ્ત ગામોમાં પહોંચીને માનવતાના કાર્યરૂપે નાસ્તા, પાણી



અને તૈયાર ભોજન પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ તકે પ્રતાપ દુધાતે જણાવ્યું કે, 'આપત્તિના સમયમાં લોકોની પડખે ઊભા રહેવું એ જ સાચી જનસેવા છે. અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ મદદ પહોંચાડવા માટે અમારી ટીમ સતત કાર્યરત રહેશે.' તાલુકા પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, ઉપપ્રમુખ વિજયભાઈ કોગથિયા, સરપંચ વિજયભાઈ શેખલીયા, મુન્નાભાઈ દુધાત, જિલ્લા પંચાયતના પ્રતિનિધિ બાબુભાઈ દુધાત, અ વગેરેએ ગામોમાં ફરીને લોકોને થઈ શકે તેટલી મદદ કરી હતી.

# અમરેલીમાં તાત્કાલિક સર્વે કરી રાહત પેકેજ આપવા અતુલ કાનાણીની રજૂઆત

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી ખાસ રાહત પેકેજ અને યોગ્ય વળતર આપવા રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ, ૪ જુલાઈ ૨૦૨૬થી પડેલા અતિભારે વરસાદને કારણે ખેતરો, પશુધન અને મકાનોને મોટું નુકસાન થયું છે. આ ઉપરાંત વેપારીઓની



દુકાનોમાં પાણી ભરાવાથી માલસામાન અને ઈંટોના ભઠ્ઠાઓને વ્યાપક નુકસાન પહોંચ્યું છે ગ્રામ્ય રસ્તાઓ, નાળા અને પુલિયાઓનું પણ ધોવાણ થયું હોવાથી તેને સત્વરે રિપેર કરવા માંગણી કરાઈ છે.

**અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા**

# જિલ્લાના ન્યાયાધીશોની હાજરીમાં 'કાયદાનો કક્કો' પુસ્તકનું વિમોચન

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લાના તમામ ન્યાયાધીશોની ઉપસ્થિતિમાં કાનૂની જાગૃતિ અને સાક્ષરતા આધારિત વિશેષ પુસ્તક 'કાયદાનો કક્કો'નું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકનું વિમોચન પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અને ચેરમેન રીઝવાના બુખારી, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એસ. એસ. સોઢી, ડી.સી. ત્રિવેદી, એસ.સી. ગાંધી, એમ.એમ. પરમાર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ પ્રખર શર્મા તેમજ 'અવધ ટાઈમ્સ'ના તંત્રી વિજયભાઈ ચૌહાણના હસ્તે કરાયું હતું. એક વર્ષથી અખબારમાં પ્રકાશિત થયેલા ૨૭ ઉપયોગી કાનૂની લેખોનું સંકલન કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં મફત કાનૂની સહાય, નાલસાની વિવિધ યોજનાઓ અને રોજિંદા જીવનમાં ઉપયોગી કાયદાની માહિતી સરળ ગુજરાતી ભાષામાં આપવામાં આવી છે. રીઝવાના બુખારીએ જણાવ્યું કે આ પુસ્તક લોકોમાં કાનૂની જાગૃતિ વધારશે અને પોતાના હકો તેમજ ફરજો અંગે વધુ સભાન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# અમરેલીમાં ખેતરોમાં થયેલા નુકસાન અંગે તાકીદે સર્વે કરી સહાય પેકેજ જાહેર કરવા રજૂઆત

**જિ.પં.પૂર્વ સદસ્ય અશ્વિન કુંજડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અશ્વિનભાઈ બી. કુંજડીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને જિલ્લામાં અતિભારે વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા રજૂઆત કરી છે. છેલ્લા ત્રણ દિવસથી પડેલા અતિશય વરસાદના કારણે જિલ્લામાં અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે, જેનાથી ખેડૂતોના મોંઘા બિયારણ, ખાતર નિષ્ફળ ગયા છે અને જમીન તેમજ બંધ પાળાનું મોટા પાયે ધોવાણ થયું છે, ખાસ કરીને ધારી તાલુકામાં ભારે નુકસાની થઈ છે.તેમણે મુખ્યમંત્રીને રોડ-રસ્તા, ચેકડેમોનું રિપેરિંગ કરવા અને ખેતીવાડી વીજ પુરવઠો વહેલી તકે પુનઃસ્થાપિત કરવા ભલામણ કરી છે.

# જાફરાબાદના ખારવા સમાજમાં લગ્નોત્સવની ધામધૂમથી ઉજવણી

જાફરાબાદ,તા.૦૮

અમરેલી જિલ્લાના જાફરાબાદમાં વસતા ખારવા સમાજમાં દરિયાઈ માછીમારીની વર્તમાન સીઝન પૂર્ણ થતાં જ લગ્નોત્સવની ભવ્ય શરૂઆત થઈ ગઈ છે. લાંબા સમય સુધી દરિયામાં કઠિન વ્યવસાયમાં વ્યસ્ત રહેતા પરિવારો હવે શુભ પ્રસંગોની ઉજવણીમાં પરોવાયા છે. પરંપરા મુજબ માછીમારીની સીઝન દરમિયાન લગ્ન યોજાતા નથી, તેથી સીઝન પૂરી થતાં જ શુભ મુહૂર્તોમાં અનેક



તસવીર : બાબુભાઈ વાઢેળ

યુગલોના લગ્નનું આયોજન થઈ રહ્યું છે. સગા-સંબંધીઓના આગમનથી બજારોમાં ખરીદીની રોનક વધી છે અને સ્થાનિક વેપારને વેગ મળ્યો છે. સામાજિક અગ્રણીઓએ લગ્નોમાં સાદગી, એકતા અને સલામતી જાળવવા અપીલ કરી છે. સમગ્ર પંથક હાલ આનંદ અને ઉત્સાહના માહોલમાં ડૂબી ગયો છે.

# બાબરાના પાનસડા ગામે મહિલા પર દાતરડીથી હુમલો

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

બાબરા,તા.૦૮

બાબરાના પાનસડા ગામે થયેલી માથાકૂટમાં બંને પક્ષોએ સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પ્રભાબેન બાબુભાઈ સોંધરવા (ઉ.વ. ૩૫)એ છગનભાઈ રવજીભાઈ વઘાસિયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ છેલ્લા ૪૦ વર્ષથી જે જમીન ખેડતા હતા, તે જમીનમાં આરોપીએ ૬૬ કે.વી. પાવર સબ સ્ટેશન બનાવવાનો ઠરાવ કર્યો હતો. આ બાબતે તેમણે આરોપી પાસે રજૂઆત કરતાં આરોપીને સારું લાગ્યું નહોતું. જેથી આરોપીએ તેમને જાહેરમાં અપમાનિત કર્યા હતા, તેમજ પોતાની પાસે રહેલી દાતરડીથી બંને હાથે ત્રણ-ચાર ઘા મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીએ પહેરેલા બૂટથી તેમનો પગ દબાવીને પણ ઈજા કરી હતી. આ સમયે સાહેદ (સાક્ષી) તેમને છોડાવવા વચ્ચે પડતાં આરોપીએ તેમની સાથે ઝપાઝપી કરી હતી અને સાહેદના શર્ટના ખિસ્સામાં રહેલા રોકડા રૂ. ૧,૫૦૦/- બળજબરીથી કાઢી લીધા હતા.સામે પક્ષે, છગનભાઈ વલ્લભભાઈ વઘાસિયા (ઉ.વ. ૫૪)એ બાબુભાઈ વશરામભાઈ સોંધરવા તથા તેમના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ જે જમીન વાવતા હતા તેમાં ૬૬ કે.વી. પાવર હાઉસ બનતું હતું. આ પાવર હાઉસ તેઓ પોતે જ બનાવડાવી રહ્યા છે તેવું આરોપીઓને લાગતું હતું. જેનું મનદુઃખ રાખીને, જ્યારે છગનભાઈ મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે બંને આરોપીઓએ તેમને ઊભા રાખ્યા હતા. ત્યારબાદ તેમને ધક્કો મારી મોટરસાયકલ પરથી નીચે પછાડી દઈ કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, તેમનો શર્ટ ફાડી નાખી ખિસ્સામાં રાખેલા રૂપિયા નવ હજારની લૂંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલાના રીંગણીયાળામાં પાણીમાંથી વૃધ્ધનો મૃતદેહ મળતા અરેરાટી

**મૃતકની ઓળખ ભાણાભાઈ બોરીચા તરીકે થઈ**

રાજુલા,તા.૦૮

રાજુલા તાલુકાના નાના રીંગણીયાળા ગામે પાણીમાંથી એક વૃધ્ધનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ગામના સરપંચ, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો પણ સ્થળે એકત્ર થયા હતા. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન મૃતકની ઓળખ ગામના રહેવાસી ભાણાભાઈ આપાભાઈ બોરીચા



તસવીર : ગોપાલ રાઠોડ

(ઉંમર અંદાજે ૭૦ વર્ષ) તરીકે થઈ હતી. મળતી માહિતી મુજબ ભાણાભાઈ ગામમાં એકલા રહેતા હતા અને તેમની સાથે પરિવારનો અન્ય કોઈ સભ્ય રહેતો ન હતો. ઘટનાની જાણ થતાં તેમના ભાઈઓ પણ સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.









# વડિયામાં ગ્રામ પંચાયત પાછળના આરસીસી રોડની બિસ્માર હાલત મુદ્દે લોકોમાં નારાજગી


વડિયા,તા.૦૮



વડિયા ગ્રામ પંચાયત પાછળ સુરવો નદી કિનારે આવેલો ઢૂંઢિયા પીપળીયા તરફ જતા આરસીસી રોડને ભ્રષ્ટાચારનો બેનમૂન નમૂનો માનવામાં આવે છે. આ કામગીરી થોડા વર્ષ પહેલા કરવામાં આવી હતી, જે તે સમયે તેની નબળી ગુણવતા બાબતે સ્થાનિકો અને સરપંચ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. તેના વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા હતા. ત્યાર બાદ નેતાઓ અને અધિકારીઓએ આ રોડની મુલાકાત લઈ તપાસની ખાત્રી પણ અપાઈ હોવાનુ જાણવા મળ્યું હતું પરંતુ વિરોધો અને તપાસ વચ્ચે ભ્રષ્ટાચાર કોઈ અધિકારી કે નેતાઓને દેખાયો નહિ ને તેનું પેમેન્ટ પણ જે તે એજન્સીને કરી દેવામાં આવ્યું. હાલ આ રોડ બન્યાના થોડા સમયમાં જ બિસ્માર હાલતમાં બન્યો છે. આ રોડ પરથી કૃષ્ણપરા, હનુમાન ખીજડીયા તરફ જવાના વળાંકમાં ગોઠણ સમા ખાડા પડ્યા છે અને તેમાં લોખંડના સળિયાઓ જાણે કોઈ નિર્દોષનો ભોગ લેવાની રાહ જોતા હોય તેવું જણાય છે.

# લીલીયાના ટીંબડી ગામે ગાગડીયા નદીનો નવો બનાવેલ બંધારો તૂટતાં ખેતરોમાં ધોવાણ

લીલીયા,તા.૦૮



**બિયારણ નાશ પામ્યા, ઘરોમાં પાણી ઘૂસ્યા પણ જાનહાનિ ટળી**

લીલીયા તાલુકાના ટીંબડી ગામે ગાગડીયા નદીકાંઠે જયા બાલાજી હનુમાનજી મંદિર સામે ચાલુ વર્ષે જ બનાવેલો અંદાજે ૪૦ ફૂટ લાંબો નવો પાળો (બંધારો) ઉપરવાસના ભારે પાણીના ભરાવાને કારણે તૂટી ગયો છે. બંધારો તૂટવાના લીધે પૂરના પાણી ટીંબડી ગામના ખેતરોમાં ફરી વળ્યા હતા, જેના કારણે જમીનનું ધોવાણ થયું છે અને વાવેલા તમામ બિયારણો નાશ પામ્યા છે.ગામના સરપંચ બાલુભાઈ ડાવરાના જણાવ્યા મુજબ, પૂરના પાણી લોકોના ઘરો અને ફળિયામાં ઘૂસી ગયા હતા, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતાં જ તાલુકા વિકાસ અધિકારી (TDO), તલાટી મંત્રી અને જિલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજે તાત્કાલિક ગામની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

# ૬ મહિનાની સજા પામેલ નાસતો ફરતો આરોપી અમરેલીમાંથી ઝડપાયો


અમરેલી,તા.૦૮



અમરેલી એસ.ઓ.જી. ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે એક મહત્વની સફળતા મેળવી છે. કોર્ટના ફોજદારી કેસ નંબર ૧૭૦૪/૨૦૨૨ અંતર્ગત નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ (ચેક રિટર્ન) મુજબ ૭ માસની સાદી કેદની સજા પામેલો અને નાસતો ફરતો આરોપી એજાજભાઈ ફિરોજભાઈ ભાયદાણી (ઉંમર ૪૧, રહે. અમરેલી) ઝડપાઈ ગયો છે. પોલીસે આરોપીને પકડીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે અમરેલી સીટી પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# લાઠીમાં વરસાદ વચ્ચે પાલિકાની ટીમે ૨૦૦ લોકોનું સ્થળાંતર કર્યુ

લાઠી,તા.૦૮



લાઠી પંથકમાં પડેલા અનરાધાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા જનજીવન પ્રભાવિત થયું હતું. વરસાદની માહિતી મળતાં જ લાઠી નગરપાલિકાના ચીફ ઓફિસર રવિ વેકરિયાએ એન્જિનિયર અને સ્ટાફને તાત્કાલિક બોલાવી રાહત કામગીરી શરૂ કરાવી હતી. પ્રમુખ, સભ્યો અને સ્ટાફ સાથે વિવિધ વિસ્તારોમાં પહોંચી જીસીબીની મદદથી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી અંદાજે ૧૫૦થી ૨૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ખોડિયારનગર વિસ્તારમાં એક વૃધ્ધ મહિલાને ખાટલા સહિત સલામત સ્થળે પહોંચાડવાની માનવતાભરી કામગીરી પણ કરવામાં આવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન ચીફ ઓફિસર રવિ વેકરિયા, પ્રમુખ, સભ્યો અને નગરપાલિકાના સ્ટાફે રાત્રે ૪ વાગ્યા સુધી સતત ખડેપગે ફરજ બજાવી હતી.

# સા.કુંડલા તાલુકામાં મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલકની ભરતી માટે અરજી કરવી

સાવરકુંડલા, તા. ૦૮

સાવરકુંડલા તાલુકાની ધાર પ્રાથમિક શાળા અને ધજડીપરા પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલકોની ભરતી કરવામાં આવી રહી છે. લાયક ઉમેદવારોએ ૨૧ જુલાઈ, ૨૦૨૬ સુધી અરજી કરવી જરૂરી છે.

અરજદારની ઉંમર ઓછામાં ઓછી ૨૦ વર્ષ પૂર્ણ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. પસંદગી પામનાર ઉમેદવારોને સરકારના નિયમો મુજબ માનદ વેતન આપવામાં આવશે. નિયત અરજીપત્રક ૧૮ જુલાઈ, ૨૦૨૬ સુધી કચેરીના સમય દરમિયાન સાવરકુંડલા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી મેળવી શકાશે. સંપૂર્ણ ભરેલું અરજીપત્રક જરૂરી આધાર-પુરાવા સાથે ૨૧ જુલાઈ, ૨૦૨૬ સુધી રજિસ્ટ્રી શાખા, મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે જમા કરાવવું રહેશે.

# ‘કેસ કરશો તો દવા પી તમારા નામ લખાવીશ’ તેવી ગર્ભિત ધમકી આપી

**ધારી પંથકનો ચકચારી બનાવ**

ધારી, તા. ૦૮

ધારી પંથકમાં એક ચકચારી બનાવ સામે આવ્યો છે. નવા ચરખા ગામે ભાવનગર જિલ્લાની એક સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું અને નરાધમે ‘જો કેસ કરશો તો દવા પી તમારા નામ લખાવી દઈશ‘ તેવી ગર્ભિત ધમકી આપી હતી.બનાવ અંગે ભોગ બનનારના પિતાએ ભાવનગરના તળાજા તાલુકાના મેથળા ગામના મિલનભાઈ ઝવેરભાઈ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના પરિવાર સાથે ધારી તાલુકાના નવા ચરખા ગામે દિવાળી પર કપાસ વીણવાની મજૂરીએ આવ્યા હતા. તે સમયે આરોપી મિલન પણ તેની માતા અને બહેન સાથે ત્યાં મજૂરી અર્થે આવ્યો હતો. ગત તા. ૧૬/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે પરિવાર મકાનની પાછળ આવેલા ફરજામાં સૂતો હતો, ત્યારે ઊંઘનો લાભ લઈ આરોપીએ સગીરા સાથે બળજબરી કરી તેની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. દુષ્કર્મ આચર્યા બાદ આરોપીએ ધમકી આપી હતી કે,‘જો આ વાત કોઈને કહી તો તને અને તારા પૂરા પરિવારને કપાસમાં છાંટવાની ઝેરી દવા પીવડાવી જાનથી મારી નાખીશ.‘આ વાતની પરિવારને જાણ થતાં તેઓ આરોપીના ઘરે ઠપકો આપવા ગયા હતા અને સગીરાને અપનાવી લેવા જણાવ્યું હતું. જોકે, આરોપીએ ઉધ્ધત વર્તન કરી ગર્ભિત ધમકી આપતાં કહ્યું કે, ‘તમારે જેમ કરવું હોય તેમ કરો, જો કેસ કરશો તો હું પોતે દવા પીને તમારા બધાના નામ લખાવી દઈશ.‘ દુષ્કર્મના કારણે સગીરા ગર્ભવતી થઈ હોવાનું પણ સામે આવ્યું છે. હાલ ધારી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક (ASP) જયવીર ગઢવી આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પત્નીએ પતિને ન્યૂઝીલેન્ડ લઈ જવાનું કહેતા ઘરેથી કાઢી મૂકી

બગસરા, તા. ૦૮

**સાસુ, જેઠ-જેઠાણી તથા પતિ સામે ફરિયાદ**

હાલ બગસરામાં રહેતા મૂળ વિસાવદરના ભલગામના નસીમબેન કરીમભાઈ મીઠાણી (ઉ.વ. ૨૯)એ સુરતમાં રહેતા પતિ કરીમભાઈ ફીરોજભાઈ મીઠાણી, સાસુ યાસ્મીનાબેન ફીરોજભાઈ મીઠાણી, જેઠ નવરોજભાઈ ફીરોજભાઈ મીઠાણી તથા જેઠાણી સોનાલીબેન નવરોજભાઈ મીઠાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને તેમના પતિ, સાસુ, જેઠ અને જેઠાણી મેણાટોણા મારી શારીરિક-માનસિક દુઃખ તેમજ ત્રાસ આપતા હતા. તેમના પતિ ન્યૂઝીલેન્ડનું પર્મેનન્ટ રેસિડેન્સ ધરાવતા હતા અને લગ્ન બાદ તેમને ન્યૂઝીલેન્ડ લઈ જવાની ના પાડતા હતા. તેમણે પતિ સાથે ન્યૂઝીલેન્ડ જવાનું કહેતા આરોપીઓને સારું લાગ્યું નહોતું અને દુઃખ-ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પતિ તેમને મારવા દોડ્યો હતો અને ઘરેથી કાઢી મૂકી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.






## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. કુરજીભાઈ રણછોડભાઈ ગડારા તા. ૬/૭/૨૦૨૬, સોમવાર (ઉ.વર્ષ ૬૦) (ગામ : દેપાડિયા) દિલગીરી સાથે જણાવાનુ છે કે અમારા ભાઈશ્રી સ્વ. કુરજીભાઈ રણછોડભાઈ ગડારા સ્વર્ગવાસ પામેલ છે. ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના. સદગતનું બેસણું તા.૦૯/૦૭/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૮: ૦૦ થી ૧૦:૦૦ કલાકે રાખેલ છે. લિ. સ્વ. રણછોડભાઈ મોહનભાઈ ગડારા, દેવરાજભાઈ રણછોડભાઈ ગડારા, પ્રાગજીભાઈ રણછોડભાઈ ગડારા, વલ્લભભાઈ રણછોડભાઈ ગડારા, સ્વ. જેન્તીભાઈ રણછોડભાઈ ગડારા સ્થળ માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી, ઉમા ભવન, આલાપ એવન્યુની બાજુમાં, યુનિવર્સિટી રોડ, રાજકોટ






### મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૦/૨૦૨૬

શ્રી રઘુભાઈ નાથાભાઈ જોરીયા ચૌહાણ,
રહે.માલીડા, તા.ભેંસાણ, જી.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - માલીડા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રઘુભાઈ નાથાભાઈ જોરીયા ચૌહાણ દ્વારા તેઓના માતૃશ્રી દિવાળીબેન નાથાભાઈ જોરીયા ચૌહાણનું અવસાન તા.૨૧/૧૧/૨૦૦૬ના રોજ ગામ મોજે: માલીડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, માલીડા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

### મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૧/૨૦૨૬

શ્રી રેખાબેન વા./ઓ.લક્ષ્મીદાસ ધિરજલાલ કુબાવત ડો/ઓ પ્રભુદાસ રામાવત,
રહે.મોણીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી રેખાબેન પ્રભુદાસ રામાવતનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૦ના રોજ ગામ/મોજે: છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી-છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૫ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

### મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૭/૨૦૨૬

શ્રી ચીમનભાઈ આણંદભાઈ ગેગડા,
રહે.ભેંસાણ, તા.ભેંસાણ, જી.જુનાગઢ
એડવોકેટ: મનિષ એલ.કાપડીયા,
પરબ રોડ, મુ.ભેંસાણ, તા.ભેંસાણ, જી.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ચીમનભાઈ આણંદભાઈ ગેગડ દ્વારા તેઓના પત્નિશ્રી ભાવનાબેન ચીમનભાઈ ગેગડાનું અવસાન તા.૩૧/૦૭/૨૦૦૭ના રોજ ગામ/મોજે: ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ




# લાઠી, બાબરા અને દામનગર પંથકમાં ભારે વરસાદને કારણે અસરગ્રસ્તોની વહારે આવતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી,તા.૦૮



લાઠી, દામનગર, બાબરા પંથકમાં અનરાધાર વરસાદને કારણે પાણી ભરાવવાની સમસ્યાઓ ઉભી થઈ હતી. આ સ્થિતિનો તાગ મેળવવા સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ ગત રાત્રે અસરગ્રસ્ત જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી હતી. ભારે વરસાદ બાદ રસ્તા ધોવાતા તેમણે તાત્કાલીક જેસીબી બોલાવીને વાહનચાલકોને અગવડતાઓ ન પડે તે માટે સુવિધા ઊભી કરી હતી. આ ઉપરાંત તેમણે દામનગરના છભાડિયા રોડથી ખોડિયાર નગરમાં પાણી ભરાતા ત્યાં જઈને અધિકારીઓને સુચના આપીને યુધ્ધના ધોરણે સમસ્યાઓ નિવારવાની તાકીદ કરી હતી. દામનગરના ઠાસા રોડની સોસાયટીમાં પાણી ઘૂસતા તેમણે પાલિકાના સભ્યો સહિતના તંત્રને કામે લગાવ્યા હતા. દામનગરના ભુરખિયા રોડ પર ભારે વરસાદથી વાહન ફસાતા તાત્કાલિક રસ્તો ખૂલ્લો કરાવવાની જહેમત ઉઠાવી હતી.

# વડિયામાં પત્રકાર એકતા પરિષદ દ્વારા રાહતદરે ફૂલછોડ અને ફુલઝાડના રોપા વિતરણ

વડિયા,તા.૦૮



વડિયા ખાતે આવેલી સુરગવાળા હાઈસ્કૂલમાં પત્રકાર એકતા પરિષદ વડિયા અને નવરંગ નેચર ક્લબ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાહતદરે ફૂલછોડ, ડેકોરેટિવ અને ઔષધીય છોડ તેમજ આંબા, ચીકુ, સીતાફળ અને લીંબુની કલમોના વિતરણ કાર્યક્રમને ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ રોપા અને ફળઝાડની કલમોની ખરીદી કરી હતી. સાથે જ બાર પ્રકારના શાકભાજીના બિયારણનું વિતરણ કરીને ‘ઘર આંગણે શાકભાજી ઉગાડો’ અભિયાન પણ યોજાયું હતું. નવરંગ નેચર ક્લબના વી. ડી. બાલાએ વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષોના મહત્વ અને સ્વાવલંબન અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ભીખુભાઈ વોરા, કિરીટભાઈ જોટવા અને જાવેદભાઈ બાલાપરિયાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# RTIમાં અધુરી માહિતી આપતા લાઠીમાં યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કરતાં ચકચાર

લાઠી, તા. ૦૮

લાઠીમાં એક યુવકે આત્મવિલોપનનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ ચોપડે નોંધાયેલી વિગત પ્રમાણે, રજનીકાંત યુ. રાજ્યગુરૂ નામના યુવકે અગાઉ RTI હેઠળ SDM કચેરી, લાઠી ખાતે માહિતી માંગી હતી. આ અંતર્ગત તે SDM કચેરીએ આવીને જોરશોરથી કહેવા લાગ્યો હતો કે, "મેં RTI હેઠળ માહિતી માંગેલી છે, તે તમે આવી રીતે કેમ આપી છે? હું આ માહિતીથી સંતુષ્ટ નથી." ત્યારબાદ તે પોતાની સાથે લાવેલી લાકડી પર બાંધેલા કપડા પર કોઈ જ્વલનશીલ પદાર્થ છાંટીને આવ્યો હતો અને દીવાસળી વડે આગ લગાડી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો.

લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના મેઘાણીનગરમાં સાર્વજનિક પ્લોટમાં ગેરકાયદે દબાણ અને મંજૂરી વગર વૃક્ષોનું છેદન

બગસરા, તા. ૦૮



તસવીર : હાર્દિક બામટા

બગસરાના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા સાર્વજનિક પ્લોટ પર ગેરકાયદે દબાણ અને મહાકાય વૃક્ષોની કાપણીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. વર્ષોથી બાળકોના રમવાના મેદાન અને બગીચા તરીકે ઉપયોગમાં લેવાતી આ જગ્યાએ કેટલાક લોકોએ ખાનગી વાહનોના પાર્કિંગ માટે શેડ બનાવી કબજો જમાવ્યો હોવાનો આરોપ છે. રહીશોના જણાવ્યા મુજબ, કોઈ મંજૂરી વિના અનેક વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હોવાથી પર્યાવરણને નુકસાન થયું છે. પાલિકા પ્રમુખ નીરવ ગોંડલિયાએ જણાવ્યું કે આ અંગે પાલિકા પાસે કોઈ મંજૂરી લેવામાં આવી નથી અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે. વન વિભાગે પણ દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે રાજકીય સંડોવણીના કારણે વહીવટી તંત્ર નિષ્ક્રિય રહ્યું છે.

# અમરેલીના ગજેરા શૈક્ષણિક સંકુલમાં અમેરિકાની યુનિ.ના રિસર્ચ સ્ટુડન્ટની મોટીવેશન સ્પીચ યોજાઈ

અમરેલી,તા.૦૮



અમરેલીની શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે સંકુલની વિવિધ મહિલા કોલેજોના સંયુક્ત ઉપક્રમે એક મોટીવેશન સ્પીચ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે યુએસએ (USA) યુનિવર્સિટીના પીએચડી (PHD) વિદ્યાર્થી ઓમ શૈલેશભાઈ ડોબરીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હાજર વિદ્યાર્થીનીઓને ChatGPT અને Gemini જેવા AI પ્લેટફોર્મ કેવી રીતે કાર્ય કરે છે તેની માહિતી આપી હતી, તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો શિક્ષણ અને દૈનિક જીવનમાં શ્રેષ્ઠ ઉપયોગ કરવા અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# અમરેલીની કમાણી કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૮



અમરેલીમાં પોલીસ દ્વારા લોકોમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવે છે. આ અંતર્ગત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અને અમરેલી સીટી પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે તા.૦૬/૦૭/૨૬ના રોજ કમાણી કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અવરનેસ લગતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ. આ ઉપરાંત લોકો સાથે વિવિધ રીતે થતા સાયબર ફ્રોડ જેવા કે સ્ક્રીન શેરિંગ એપ, ઑ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડીયો કોલ, આર્મીમેનનું નામ ધારણ કરવું જેવી વિવિધ તરકીબોથી લોકો ભોગ બનતા હોય છે. જે અંગે તેઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

# સાવરકુંડલાના જેજાદ ગામે વાડીના શેઢે પાળો બાંધવા મુદ્દે કુટુંબીજનોમાં બબાલ થઈ

**કુહાડી, પાવડાના ઘા મારી ઈજા પહોંચાડી**

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલાના જેજાદ ગામે વાડીના શેઢે પાળો બાંધવા મુદ્દે કુટુંબીજનોમાં બબાલ થઈ હતી. જેમાં કુહાડી અને પાવડાના ઘા મારી ઈજા પહોંચાડવામાં આવી હતી.

વજુભાઈ રામકુભાઈ વેકરીયા (ઉ.વ.૫૫)એ મગનભાઈ બચુભાઈ વેકરીયા, સંદીપભાઈ મગનભાઈ વેકરીયા, મમતાબેન મગનભાઈ વેકરીયા તથા જસુબેન મગનભાઈ વેકરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે પોતાની વાડીના શેઢા ફરતે ધૂળથી પાળો બાંધ્યો હતો, જેના કારણે આરોપીના ખેતરના પાણીનો નિકાલ થતો ન હતો. આ બાબતે આશરે બે મહિના પહેલા મગનભાઈ વેકરીયાએ તેમને ફોન કરીને પાળો તોડી નાખવા કહ્યું હતું, પરંતુ તેમણે પાળો તોડવાની ના પાડી દીધી હતી.

જે બાબતનું મનદુઃખ રાખી, ફરિયાદી તથા અન્ય સાક્ષીઓ જેજાદ ગામે વેકરીયા પરિવારના માતાજીના મઢ પાસે ચોમાસાના પાણીનો નિકાલ થાય તે હેતુથી ખાળીયું પૂરવાનું કામકાજ કરતા હતા ત્યારે આરોપીઓ ત્યાં ધસી આવ્યા હતા અને ગાળો આપી કુહાડી તથા પાવડા વડે મુંઢ માર માર્યો હતો. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૦૯-૦૭-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૯,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૭-૨૦૨૬ ગુરૂવાર

મેષ:આજે તમે મહત્વની કોઇ યોજના શરુ કરશો. યોજના સફળતાથી પૂર્ણ થતાં એકાદ વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ સમય દરમિયાન તણાવથી દૂર રહીને કામ પર ધ્યાન આપજો.

વૃષભ: આજે તમારા જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન આવી શકે છે. બની શકે છે કે એના લીધે જીવનમાં કપરો સમય આવે, પરંતુ યાદ રાખજો દરેક રાતનો દિવસ ઉગે છે.

મિથુન:આજે તમે પ્રસન્ન રહેશો. ઘર હોય કે ઓફિસ આજે દરેક સ્થળે તમે આરામદાયક અને વૈભવી વાતાવરણનો લાભ ઉઠાવશો. ધનપ્રાપ્તિથી આજે સંતોષ અનુભવશો.

કર્ક: આ સિવાય આજે કોઇ વરિષ્ઠ વ્યક્તિના સામેલ થવાથી લાંબા સમયથી ચાલતો પારિવારિક વિવાદનો અંત આવી શકે છે.

સિંહ: આજે આરોગ્ય બાબતે સાવચેતી રાખજો અને અનિયમિત ભોજન પર અંકુશ રાખજો. ધ્યાનમાં રાખજો કે કોઇપણ વસ્તુની અતિશિયોક્તિ નુકસાન કરી શકે છે.

કન્યા: આજે અંગત સંબંધ પ્રેમભર્યો અને સહયોગવાળો રહેશે. આરોગ્ય સારું રહેવાથી અલગ-અલગ કાર્યોમાં સક્રિયતાથી ભાગ લઇ શકશો.

તુલા આજે આશાઓ પૂરી ના થતાં બેચેની રહી શકે છે. આજે એક વાતની સ્વીકારી લેજો કે જીવનમાં જ્યારે પણ તમને જરુર પડશે ત્યારે પારિવારિક સંબંધો મો ફેરવી લેશે.

વૃશ્ચિક:આજે ત્રિકોણીય વ્યાપારી ભાગીદારી કે સંબંધોથી લાભ મળી શકે છે, પરંતુ અંગત સંબંધોમાં ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

ધન: આજે સ્વાસ્થ્ય અને નાણાંકીય બાબતે ખાસ ધ્યાન રાખવાની જરુર છે. બીજા લોકોના કામ માટે વધારે પડતી શક્તિ કે ઉર્જાનો વ્યય ના કરશો.

મકર: જીવનના ખરાબ અનુભવોથી શીખ લેજો. ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં આગળ વધજો. આજે કામના સ્થળે અણધાર્યા ફેરફાર થવાની સંભાવના રહેલી છે.

કુંભ: આજે શારીરિક કે માનસિક રીતે હેરાન હોવા છતાંય તમે જે કામ સાહસ સાથે કરશો એમાં સફળતા મેળવશો. ઓફિસ અને ઘરે સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે.

મીન: આજે તમારું ભાગ્ય મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના તમામ ક્ષેત્રોમાં તમે પ્રગતિની દિશા પર આગળ વધશો.

# સાવરકુંડલાના બાઢડા ગામે ભાજપ યુવા મોરચાની રક્તદાન શિબિર યોજાઈ

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના બાઢડા ગામે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના ૧૨૫મા જન્મજયંતિ વર્ષ નિમિત્તે ઉજવાતા સ્મૃતિ પખવાડિયાના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. શિબિરમાં મોટી સંખ્યામાં યુવાનો તેમજ કાર્યકર્તાઓ ઉત્સાહ સાથે જોડાયા હતા અને સ્વૈચ્છિક રક્તદાન કરીને સમાજસેવાની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, ભારતીય જનતા યુવા મોરચાના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રક્તદાન માટે યુવાનોમાં સારો ઉત્સાહ જોવા મળ્યો હતો અને માનવસેવાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લામાંથી ૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૦૮

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળેથી ૫ પ્યાસી ઝડપી પાડ્યા હતા.

સાવરકુંડલા, જાફરાબાદ અને દામનગરમાંથી એક-એક તથા વડિયામાંથી બે મળી, કુલ ૫ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# અમરેલીમાંથી યુવક ઘરેથી ચાલી નીકળ્યો

અમરેલી, તા. ૦૮

અમરેલીમાંથી એક યુવક પોતાના ઘરેથી ચાલી નીકળ્યો હતો. આ અંગે તેના ભાઈ તેજસભાઈ કમલેશભાઈ શિંગાળા (ઉ.વ. ૨૦) એ પોલીસ મથકે કરેલી જાહેરાત મુજબ, આદિત્યભાઈ કમલેશભાઈ શિંગાળા (ઉ.વ. ૨૨) ઘરે કોઈને કહ્યા વગર ક્યાંક જતા રહ્યા છે અને આજદિન સુધી પરત ફર્યા નથી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં તા. ૧૧ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ સ્થાને ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ જિલ્લા અદાલત તેમજ જિલ્લાની તમામ તાલુકા કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. વધુમાં વધુ પક્ષકારો આ લોક અદાલતનો લાભ લઈ શકે તે માટે ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. લોક અદાલતમાં મોટર અકસ્માત વળતર, દીવાની દાવા, ચેક પરતના કેસ, જમીન સંપાદન, કામદાર અને માલિક વચ્ચેના વિવાદ તેમજ માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો સહિત વિવિધ પ્રકારના પડતર કેસો સમાધાન માટે રજૂ કરી શકાશે. વધુ માહિતી માટે નજીકની તાલુકા અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો સંપર્ક કરવા, ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ પર ફોન કરવા અથવા કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટની મુલાકાત લેવા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટમાં સાવરકુંડલાની પરિણીતા તથા તેના માતા-પિતાને સાસરિયાએ ગાળો આપી

**કરિયાવરની પણ માંગણી કરતા હતા**

સાવરકુંડલા, તા.૦૮

રાજકોટમાં સાવરકુંડલાની પરિણીતા તથા તેના માતા-પિતાને સાસરિયાએ ગાળો આપી હતી. બનાવ અંગે સાવરકુંડલામાં રહેતા નિલોફરબેન અશરફભાઈ બેલીમ (ઉ.વ.૨૧)એ રાજકોટમાં રહેતા પતિ ચિરાગભાઈ બોદુભાઈ મારડીયા, રસીદાબેન બોદુભાઈ મારડીયા, સાજેદાબેન સીરાજભાઈ સીપાઈ તથા રીધ્ધી શિવરાજભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિ તથા સાસુ અવારનવાર ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે મેણાટોણા મારી ગાળો આપતા હતા અને ઢીકાપાટુ વડે માર મારતા હતા. ઉપરાંત શારીરિક-માનસિક દુઃખ અને ત્રાસ આપતા હતા. તેમની બંને નણંદો સાસુ તથા પતિને તેમની વિરૂધ્ધ ચડામણી કરીને ઝગડા કરાવતી હતી, જેથી તેઓ (પરિણીતા) પોતાના પિતાના ઘરે આવી ગયા હતા.ઈદના તહેવાર નિમિત્તે તેઓ તથા તેમના માતા-પિતા પોતાના સસરાના ઘરે રાજકોટ મુકામે કરિયાવરનો સામાન લેવા ગયા ત્યારે સાસુ રસીદાબેન, પતિ ચિરાગભાઈ, નણંદ સાજેદાબેન સીરાજભાઈ સીપાઈ તથા રીધ્ધી શિવરાજભાઈ ચૌહાણએ તેમને તેમજ તેમના માતા-પિતાને ગાળો આપી ઝગડો કર્યો હતો. ઉપરાંત ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ સાસુ તથા પતિ તેમની પાસે અવારનવાર વધુ કરિયાવર લાવવાની માંગણી કરતા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# એફેલિયન : એક સામાન્ય ઘટના પણ અતિ મહત્વની

દર વર્ષે જુલાઈ મહિનાની શરૂઆતમાં પૃથ્વી પોતાની ભ્રમણકક્ષામાં એવી સ્થિતિએ પહોંચે છે જ્યારે તે સૂર્યથી વર્ષ દરમિયાન સૌથી વધુ દૂર હોય છે. ખગોળવિજ્ઞાનમાં આ ઘટનાને એફેલિયન કહેવામાં આવે છે. આ વર્ષે પણ પૃથ્વી આશરે ૧૫.૨ કરોડ કિલોમીટર જેટલા અંતરે સૂર્યથી દૂર પહોંચી હતી. પ્રથમ નજરે આ ઘટના અસામાન્ય લાગે, પરંતુ હકીકતમાં તે પૃથ્વીની નિયમિત વાર્ષિક યાત્રાનો એક સ્વાભાવિક ભાગ છે. આ પ્રસંગ વિજ્ઞાનને વધુ સારી રીતે સમજવાનો અવસર પણ આપે છે. પૃથ્વીની ભ્રમણકક્ષા હજુ પણ રહસ્યમય છે. પૃથ્વી સૂર્યની આસપાસ જે માર્ગ પર સતત પરિભ્રમણ કરે છે તેને ભ્રમણકક્ષા (Orbit) કહેવામાં આવે છે. આ ભ્રમણકક્ષા સંપૂર્ણ ગોળાકાર નથી, પરંતુ સહેજ લંબગોળાકાર (Elliptical) છે. આ બાબતનો પ્રથમ વૈજ્ઞાનિક પુરાવો ૧૭મી સદીમાં જર્મન ખગોળશાસ્ત્રી જોહાનિસ કેપ્લર દ્વારા આપવામાં આવ્યો હતો. કેપ્લરના નિયમો અનુસાર સૂર્ય આ લંબગોળાકાર કક્ષાના કેન્દ્રમાં નહીં પરંતુ તેના એક કેન્દ્રબિંદુ (Focus) પર સ્થિત હોય છે. આ કારણે વર્ષ દરમિયાન પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર થોડું બદલાતું રહે છે. પૃથ્વીને સૂર્યની એક સંપૂર્ણ પરિક્રમા પૂર્ણ કરવામાં આશરે ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકન્ડ જેટલો સમય લાગે છે. આ વધારાના લગભગ છ કલાકને ધ્યાનમાં રાખીને દર ચાર વર્ષે એક વધારાનો દિવસ ઉમેરવામાં આવે છે, જેને કારણે લીપ વર્ષ આવે છે. આ વ્યવસ્થા કેલેન્ડરને પૃથ્વીની વાસ્તવિક ગતિ સાથે સુસંગત રાખે છે. પૃથ્વીની સરેરાશ ગતિ પ્રતિ સેકન્ડ લગભગ ૨૯.૮ કિલોમીટર અથવા પ્રતિ કલાક આશરે ૧.૦૭ લાખ કિલોમીટર છે. જોકે આ ગતિ સમગ્ર વર્ષ દરમિયાન સમાન રહેતી નથી. જ્યારે પૃથ્વી સૂર્યની નજીક હોય છે ત્યારે તેનું ગુરુત્વાકર્ષણ વધુ અસર કરે છે અને પૃથ્વી વધુ ઝડપે આગળ વધે છે. જ્યારે પૃથ્વી સૂર્યથી દૂર હોય છે ત્યારે તેની ગતિ થોડી ધીમી પડે છે. આ ઘટના કેપ્લરના બીજા નિયમ સાથે સુસંગત છે. દર વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં પૃથ્વી સૂર્યથી સૌથી નજીક હોય છે, જેને પેરીહેલિયન (Perihelion) કહેવામાં આવે છે. તે સમયે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર આશરે ૧૪.૭૧ કરોડ કિલોમીટર હોય છે. બીજી તરફ, જુલાઈની શરૂઆતમાં પૃથ્વી સૂર્યથી સૌથી વધુ દૂર હોય છે, જેને એફેલિયન કહેવામાં આવે છે. તે સમયે બંને વચ્ચેનું અંતર આશરે ૧૫.૨૧ કરોડ કિલોમીટર જેટલું હોય છે. લગભગ ૫૦ લાખ કિલોમીટરનો આ તફાવત હોવા છતાં પૃથ્વી પર ઋતુઓનું મુખ્ય કારણ આ અંતર નથી. ખગોળવિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ એફેલિયન દરમિયાન સૂર્યના કદમાં અત્યંત નાનો દૃશ્યમાન ફેરફાર જોવા મળે છે, પરંતુ સામાન્ય માનવી માટે તે નોંધપાત્ર નથી. સૂર્યમાંથી મળતી ઊર્જામાં પણ માત્ર થોડો જ ઘટાડો થાય છે, જે પૃથ્વીના હવામાન અથવા દૈનિક જીવન પર કોઈ વિશેષ અસર કરતો નથી. તેથી એફેલિયનને આધારે ગરમી, વરસાદ કે આબોહવામાં મોટા ફેરફારો થશે તેવી ધારણાઓને વૈજ્ઞાનિક આધાર મળતો નથી. એફેલિયન આપણને કુદરતના નિયમોની અદ્‌ભુત ચોકસાઈનો પરિચય કરાવે છે. કરોડો વર્ષોથી પૃથ્વી પોતાની નિશ્ચિત કક્ષામાં સતત ગતિશીલ રહી છે અને આ જ નિયમિતતા જીવનને સંભવ બનાવે છે. આવી ખગોળીય ઘટનાઓમાં ડર કે અંધશ્રધ્ધા શોધવાને બદલે જ્ઞાન અને જિજ્ઞાસા શોધવી જોઈએ. વિજ્ઞાન આપણને સમજાવે છે કે બ્રહ્માંડમાં બનતી દરેક ઘટના પાછળ ચોક્કસ કારણ અને નિયમ હોય છે. તેથી એફેલિયન માત્ર એક ખગોળીય ઘટના નથી, પરંતુ વિજ્ઞાન પ્રત્યે વિશ્વાસ, તર્ક અને જાગૃતિ વધારવાનો એક મહત્વપૂર્ણ અવસર પણ છે.

# કુદરતી આફતને ભરી પીવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સજ્જ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ચોમાસું ગુજરાતના જીવનનો ધબકાર છે. રાજ્યની ખેતી, જળસંચય, પીવાના પાણીની વ્યવસ્થા અને ગ્રામ્ય અર્થતંત્રનો મોટો આધાર વરસાદ પર ટકેલો છે. પરંતુ જ્યારે વરસાદ મર્યાદા વટાવી દે છે ત્યારે એ જ વરસાદ આશીર્વાદમાંથી આફતમાં પરિવર્તિત થઈ જાય છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના અનેક વિસ્તારોમાં પડેલા અતિભારે વરસાદે ફરી એકવાર યાદ અપાવ્યું છે કે કુદરત સામે માનવની શક્તિ મર્યાદિત છે, પરંતુ યોગ્ય આયોજન અને સમયસરની તૈયારી દ્વારા નુકસાનને ઘણું ઓછું કરી શકાય છે.

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક જિલ્લાઓમાં અવિરત વરસાદને કારણે નદીઓ બે કાંઠે વહેવા લાગી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી હજારો લોકોનું દૈનિક જીવન પ્રભાવિત થયું છે. અનેક માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવા પડ્યા છે. કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો અને સંચાર વ્યવસ્થાને પણ અસર પહોંચી છે. ખેડૂતો માટે આ સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે. મહેનતથી તૈયાર કરેલા પાકને પાણીમાં ડૂબતો જોવાનો દુઃખદ અનુભવ કોઈપણ ખેડૂત માટે અસહ્ય હોય છે.

આવી વિકટ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર, જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, અગ્નિશામક દળ, એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોએ ઝડપી કામગીરી કરીને અનેક લોકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત શિબિરો શરૂ કરવામાં આવી છે અને ખોરાક, પીવાનું પાણી તથા જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ફરજ પર રહેલા અધિકારીઓ, કર્મચારીઓ અને સ્વયંસેવકોએ દિવસ-રાત એક કરીને જે સેવા આપી છે તે નિઃસંદેહ અભિનંદનને પાત્ર છે. કુદરતી આપત્તિના સમયમાં આવી નિષ્ઠા લોકોમાં વિશ્વાસ જગાવે છે. પરંતુ દરેક આપત્તિ માત્ર પ્રશંસાનો અવસર નથી, તે આત્મમંથન કરવાની તક પણ આપે છે. દર વર્ષે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા શા માટે યથાવત રહે છે? વરસાદ પહેલાં નાળાં, ગટર અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સંપૂર્ણ રીતે કાર્યક્ષમ કેમ બનતી નથી? અંતરિયાળ ગામોમાં રાહત સામગ્રી પહોંચાડવામાં વિલંબ કેમ થાય છે? આવા પ્રશ્નોના જવાબ શોધવા હવે ગંભીરતા સાથે વિચારવું પડશે.


હવામાન પરિવર્તનના કારણે અતિભારે વરસાદની ઘટનાઓ વધી રહી છે. તેથી જૂની યોજના અને જૂની વિચારસરણી હવે પૂરતી નથી. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વરસાદ, ડેમના જળસ્તર અને નદીના પ્રવાહ અંગે લોકોને સમયસર અને ચોક્કસ માહિતી પહોંચાડવી જરૂરી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે અલગ-અલગ આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈએ. જ્યાં દર વર્ષે પાણી ભરાય છે તે વિસ્તારો માટે કાયમી ઉકેલ શોધવો હવે સમયની માંગ બની ગયો છે.

પૂર પછીની સ્થિતિ પણ એટલી જ ગંભીર હોય છે. દૂષિત પાણી, ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી અનેક ચેપી રોગો ફેલાવાનો ભય રહે છે. તેથી આરોગ્ય વિભાગે તાત્કાલિક મેડિકલ ટીમો મોકલીને દવાઓ અને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ. સફાઈ અભિયાનને પણ યુધ્ધના ધોરણે હાથ ધરવાની જરૂર છે.

આપત્તિ વ્યવસ્થાપન માત્ર સરકારનું કામ નથી. દરેક નાગરિકે પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ. ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવી, પાણી ભરાયેલા રસ્તાઓ પર જોખમ ન લેવું, બાળકોને નદી કે તળાવની નજીક ન જવા દેવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું જ પાલન કરવું જોઈએ. સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ ઘણી વખત ગભરાટ વધારતી હોય છે. આવી અફવાઓથી દૂર રહેવું એ પણ આપત્તિ સામેની એક મહત્વની સાવચેતી છે.

ગુજરાતે ભૂકંપ, વાવાઝોડાં અને પૂર જેવી અનેક કુદરતી આફતોનો સામનો કરીને વારંવાર પોતાની સંકલ્પશક્તિ સાબિત કરી છે. આજે પણ એ જ સંકલ્પ શક્તિની જરૂર છે. માત્ર રાહત કામગીરી પૂરતી નથી; લાંબા ગાળાનું આયોજન, મજબૂત માળખાકીય વિકાસ, અસરકારક જળનિકાલ વ્યવસ્થા અને હવામાન પરિવર્તનને ધ્યાનમાં રાખતી વિકાસ નીતિઓ અપનાવવી અનિવાર્ય બની ગઈ છે.

કુદરત સામે કોઈ જીતતું નથી, પરંતુ સમજદારીપૂર્વકની તૈયારી, જવાબદાર વહીવટ અને જાગૃત નાગરિકો મળીને નુકસાનને ચોક્કસપણે ઘટાડી શકે છે. વરસાદ જીવનનો આધાર છે, પરંતુ તેનું સાચું વરદાન ત્યારે જ મળે જ્યારે વિકાસ સાથે આયોજન, સાવચેતી અને દૂરંદેશી પણ એટલી જ મજબૂત હોય.





# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૦૦ | ૧૮૭૮ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૧૧૦૬ | ૧૧૭૦ |
| જુવાર લાલ | ૧૨૦૧ | ૧૪૪૭ |
| જુવાર પીળી | ૪૭૦ | ૫૧૦ |
| બાજરી | ૩૬૪ | ૪૫૧ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૫૭ |
| ચણા પીળા | ૧૦૨૫ | ૧૧૯૪ |
| ચણા સફેદ | ૧૦૩૫ | ૧૮૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૫૫ |
| મગ | ૧૧૫૦ | ૧૭૧૦ |
| વાલ દેશી | ૫૬૦ | ૮૯૧ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૪૮૦ | ૮૭૫ |
| કળથી | ૪૨૫ | ૫૦૪ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૮૪ |
| સીંગદાણા | ૧૮૦૦ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૪૪ |
| મગફળી જીણી | ૧૧૨૫ | ૧૫૧૭ |
| તલી | ૨૩૪૪ | ૨૬૯૫ |
| એરંડા | ૧૧૬૦ | ૧૩૮૬ |
| અજમો | ૧૪૪૦ | ૨૭૪૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૬૫૧ |
| સીંગફાડા | ૧૪૬૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૯૫૦ |
| લસણ | ૧૧૫૦ | ૨૮૩૦ |
| ધાણા | ૨૪૨૫ | ૩૦૨૦ |
| ધાણી | ૨૪૭૦ | ૩૦૨૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૦૭૫ |
| રાય | ૧૩૬૦ | ૧૭૪૪ |
| મેથી | ૯૨૦ | ૧૭૪૦ |
| ઇસબગુલ | ૨૧૦૦ | ૨૧૫૦ |
| અશેરીયો | ૯૯૧ | ૯૯૧ |
| કલોંજી | ૩૦૫૦ | ૩૬૨૫ |
| રાયડો | ૧૨૬૦ | ૧૩૯૦ |
| રજકાનું બી | ૮૫૦૦ | ૧૦૨૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૬૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૧૭ | ૬૧૦ |
| લીંબુ | ૪૮૮ | ૧૦૨૨ |
| પપૈયા | ૧૩૮ | ૨૪૧ |
| બટેટા | ૯૨ | ૨૯૫ |
| ડુંગળી સુકી | ૧૬૫ | ૪૮૫ |
| ટમેટા | ૩૭૯ | ૫૯૭ |
| સુરણ | ૭૨૫ | ૯૩૪ |
| કોથમરી | ૧૮૨૪ | ૨૦૫૪ |
| રીંગણા | ૭૫ | ૨૦૧ |
| કોબીજ | ૧૬૩ | ૩૫૮ |
| ફ્લાવર | ૩૧૧ | ૭૫૯ |
| ભીંડો | ૪૦૩ | ૮૧૧ |
| ગુવાર | ૫૨૫ | ૧૨૪૦ |
| ચોળાસીંગ | ૫૯૩ | ૧૦૨૧ |
| ટીંડોળા | ૩૩૨ | ૭૯૩ |
| દુધી | ૧૭૮ | ૩૯૧ |
| કારેલા | ૪૫૧ | ૭૮૭ |
| સરગવો | ૫૧૧ | ૯૯૩ |
| તુરીયા | ૫૨૧ | ૮૦૭ |
| પરવર | ૪૨૨ | ૬૩૯ |
| કાકડી | ૩૮૯ | ૮૨૬ |
| ગાજર | ૪૧૧ | ૬૨૫ |
| વટાણા | ૧૩૯૩ | ૧૬૨૨ |
| ગલકા | ૧૯૮ | ૩૭૭ |
| બીટ | ૩૬૬ | ૫૫૭ |
| મેથી | ૧૪૧૩ | ૧૯૫૬ |
| ડુંગળી લીલી | ૧૪૧૧ | ૧૬૩૬ |
| આદુ | ૨૫૨૪ | ૩૨૨૨ |
| મરચા લીલા | ૫૮૫ | ૭૯૬ |
| મકાઇ લીલી | ૧૫૩ | ૩૪૨ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૧ | ૧૮૨૬ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૪૬૮ | ૫૯૪ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૯૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૬૭૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૪૦૬ |
| તલ કાળા | ૨૧૨૬ | ૪૦૨૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૪૧૮૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૫૧૧ |
| ધાણા | ૨૬૦૧ | ૩૦૮૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૫૦૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૫૬ |
| અડદ | ૮૦૧ | ૧૮૨૧ |
| તુવેર | ૮૨૬ | ૧૪૮૧ |
| રાય | ૧૦૭૧ | ૧૬૮૧ |
| મેથી | ૮૦૦ | ૧૩૫૧ |
| સુવાદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| કાંગ | ૬૬૧ | ૬૬૧ |
| સુરજમુખી | ૮૦૦ | ૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૭૧ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૧૭૯૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૭૮૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૧૩૧ |
| બાજરો | ૩૬૧ | ૪૭૧ |
| જુવાર | ૪૬૧ | ૧૧૭૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૩૧ |
| મગ | ૧૦૦૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૮૧ |
| વાલ | ૩૬૧ | ૧૦૧૧ |
| સોયાબીન | ૧૦૯૧ | ૧૭૩૧ |
| રજકાનું બી | ૬૯૦૧ | ૬૯૦૧ |
| ગોગળી | ૬૦૧ | ૧૨૪૧ |
| વટાણા | ૬૫૧ | ૯૦૧ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૦૮૦ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૪૫ | ૧૭૭૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૭૮૦ |
| તલ કાળા | ૨૪૩૦ | ૪૦૧૫ |
| તલ કાશમીરી | ૨૩૪૫ | ૨૪૬૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૩૫ |
| મકાઈ | ૪૬૫ | ૬૦૦ |
| અડદ | ૧૪૯૦ | ૧૪૯૦ |
| ચણા | ૮૫૦ | ૧૧૮૦ |
| સફેદ ચણા | ૧૦૫૫ | ૧૧૨૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૨૫ |
| કપાસ | ૯૭૦ | ૧૭૧૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૩૩૫ |
| રાય | ૧૧૨૦ | ૧૫૫૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૮૮૦ |
| મેથી | ૧૧૪૦ | ૧૪૧૦ |
| સોયાબીન | ૧૨૦૫ | ૧૪૧૫ |
| રજકાનું બી | ૪૮૨૫ | ૪૯૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૮૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૬૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૫૦ |
| કારેલા | ૬૫૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૬૫૦ | ૭૯૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૩૪૦૦ | ૩૫૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૬૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૩૦ | ૭૦૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૧૦ |
| ડુંગળી સુકી | ૪૪૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૧૦ | ૪૧૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૫૨૧ |
| જીરૂ | --- | ૪૨૦૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૩ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૦૯૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ઘઉં લોકવન | ૪૦૨ | ૪૬૫ |
| ચણા | ૯૪૦ | ૧૧૧૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૮૯૦ | ૨૯૫૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૫૦ |
| રાઈ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| અડદ | ૧૩૪૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૪૭૦ | ૧૮૧૦ |
| શીંગ ફાડા | ૧૪૨૦ | ૧૪૨૦ |
| એરંડા | ૧૧૫૧ | ૧૨૨૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૫૭૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૬૩૦ | ૧૭૭૦ |
| મગફળી | ૧૧૭૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૭૪૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ઘઉ | ૫૦૧ | ૫૧૩ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૦૧ |
| ઘઉં | ૪૩૮ | ૪૯૯ |
| ચણા | ૭૦૧ | ૧૧૧૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૫૦૧ | ૩૦૪૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૫૧૧ |
| જુવાર | ૧૧૦૬ | ૧૧૦૬ |
| મકાઈ | ૬૩૧ | ૬૩૧ |
| વાલ | ૩૦૦ | ૩૦૦ |
| ચોળી | ૫૦૦ | ૫૦૦ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૪૬ |
| એરંડા | ૫૦૦ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૭૬૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૬૨૧ |
| ધાણા | ૧૫૦૧ | ૩૦૪૬ |
| લસણ | ૧૩૫૧ | ૧૩૫૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૪ |
| જુવાર | ૪૦૧ | ૧૦૬૧ |
| બાજરી | ૪૨૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૦૬ | ૫૮૪ |
| મકાઈ | ૨૨૨ | ૨૨૨ |
| અડદ | ૧૭૬૨ | ૧૭૬૨ |
| મગ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૨૨૨૫ | ૨૭૮૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૭૯ |
| તુવેર | ૫૦૦ | ૧૧૩૫ |
| ડુંગળી લાલ | ૧૧૮ | ૫૩૩ |
| ડુંગળી સફેદ | ૧૬૮ | ૪૫૨ |
| નાળીયેર | ૬૪૫ | ૨૨૬૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૩૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૯ |
| જુવાર | ૯૫૦ | ૧૧૧૬ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૮૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૬ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૫૨ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૨૧૪ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૬૩૫ |
| કાળા તલ | ૨૭૦૦ | ૪૦૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૮૭૨ |


### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૧૧૨૫ | ૧૧૪૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૪ |
| જુવાર | ૧૧૨૫ | ૧૧૪૫ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૧ |
| ચણા સફેદ | ૮૯૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૫૪ |
| તલ | ૧૯૦૦ | ૨૫૭૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૭૧૫ |
| રાઈ | ૧૪૦૦ | ૧૭૦૫ |
| લસણ | ૮૦૦ | ૨૯૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૮૦ |
| અજમાની ભૂસી | ૬૫ | ૨૬૦૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૭૪૫ |
| ડુંગળી સૂકી | ૧૪૦ | ૫૨૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૮૭૦ |
| વટાણા | ૨૨૫ | ૭૦૫ |
| કલોંજી | ૨૪૦૦ | ૩૫૩૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૧૦૧ | ૨૪૫૦ |
| કપાસ | ૧૭૭૩ | ૧૭૭૩ |
| બાજરો | ૪૩૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૧૭ |
| જુવાર | ૬૫૦ | ૧૧૯૦ |
| મગ | ૧૫૯૭ | ૧૫૯૭ |
| ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| અજમા | ૧૭૦૨ | ૧૭૦૨ |

## શબ્દ સંજોગ-૨૨૨૮



**આડી ચાવી :**
(૧) દેવ દિવાળીએ મારા વિવાહ થાય (૩)
(૩) ..... વગરનું સત્ય સાવ ખોટું (૪)
(૫) લગી,સુધી (૨)
(૬) ધનાઢય લોકો લગ્ન પ્રસંગે .... ખર્ચ કરતા હોય છે. (૨)
(૮) જીંદગી એક ... છે (૩)
(૧૦) ઉપર,પારકું (૨)
(૧૨) ગાયન,ગીત (૨)
(૧૩) એક મીઠાઈ (૨)
(૧૫) એક રોગ (૩)
(૧૭) સુંદર સ્ત્રી (૪)
(૧૯) આ હોય તો માળવે જવાય (૨)
(૨૧) વાઘ પર વગાડવાની કાઈ રાગના સ્વરોની રચના (૨)
(૨૩) ઘોડા ઉપર મૂકવાની ઊનની ગાદી,જીન (૩)
(૨૪) ઈંડામાંનો પીળો પદાર્થ (૩)
(૨૬) જ્યાં આ હોય ત્યાં ભય દેખાય (૨)
(૨૭) તાંબા અને જસતની મિશ્ર ધાતુ (૩)
(૨૮) તળિયા વિનાનું,ઊંડું (૩)
(૩૦) સળી,પીંછી (૩)
(૩૧) એક જાતની સોપારી (૪)

**ઉભી ચાવી :**
(૧) સરખામણી (૩)
(૨) સળંગ,એકધારૂં (૩)
(૩) આડંબર (૩)
(૪) ભારતના અમુક સ્થળની યાત્રા દરમિયાન નિયત..... લેવી જરૂરી છે. (૨)
(૭) વ્યહવારૂ વ્યક્તિ ....... સાચવી જાણે છે. (૨)
(૯) ......પરીશ્રમનો એક જ વિકલ્પ (૩)
(૧૧) ગણિતનો હિસાબ મંડાવે તે લખાણ (૩)
(૧૨) દળણું ઓરવાનું ઘંટીનું મો (૨)
(૧૪) લક્ષ્મી, સુંદર સ્ત્રી (૨)
(૧૬) મનુષ્ય તરીકેની જીંદગી (૩)
(૧૭) પુસ્તકો એ મસાલા ભરી સાચવી રાખેલા મહાન.... છે. (૩)
(૧૮) મોસાળુ લઈને આવતો મહેમાન વર્ગ (૩)
(૨૦) હથેળી (૪)
(૨૨) ભેળીળમાં ભેળસેળ થઈ ગઈ (૪)
(૨૫) દીવી, મશાલ (૩)
(૨૮) એકના બે સરખા ભાગનો એક (૨)
(૨૯) શરિર, દેહ (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૭ જવાબ

**આડી ચાવી:** (૧) વુજરડું (૨) મદ (૬) લડત (૭) ચિંતા (૮) કાંત (૯) વધ (૧૦) રસી (૧૨) મનમેળ (૧૫) લસણ (૧૭) નાતવરો (૨૧) રઢ (૨૨) રબ (૨૪) પાંસળી (૨૫) વામ (૨૭) ચકચાર (૨૮) કડલી (૨૯) સત (૩૦) લીતકફ (તકલીફ) **ઉભી ચાવી:** (૧) ગુલનાર (૨) જડ (૩) રતવા (૪) મતા (૫) જાત (૭) ચિંતન (૮) કાંધ (૯) વળતર (૧૧) સીલ (૧૨) મણ (૧૩) મેના (૧૪) સારો (૧૬) સવા (૧૮) વઢવાડ (૧૯) ક્ષૌર (૨૦) કસરત (૨૩) બચત (૨૪) પાંચાલી (૨૬) મલીદો (૨૮) કફ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી જિલ્લામાં ક્ષતિગ્રસ્ત ૧૧ માર્ગો પુનઃ શરૂ કરાયા

**૪૨ જેસીબી, ૧૮ ડમ્પર, ૧૦ ટ્રેક્ટર, રોલર તેમજ ૬૦થી વધુ શ્રમિકો સતત કામે લાગ્યા**



અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોના અનેક રસ્તાઓ ધોવાઈ ગયા હતા, જેના લીધે ખેડૂતો, પશુપાલકો, શાળાના બાળકો અને દર્દીઓને ભારે મુશ્કેલી પડી હતી. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના આશરે ૩,૨૦૦ કિમીના માર્ગોમાંથી સાવરકુંડલા, ધારી, રાજુલા અને જાફરાબાદ પંથકમાં વધુ નુકસાન થયું હતું.

કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિભાગે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી કામ શરૂ કર્યું છે. નિરીક્ષણ દરમિયાન ૭૮ માર્ગો પર નાની-મોટી નુકસાની જોવા મળી હતી. આ મરામત માટે ૪૨ જેસીબી, ૧૮ ડમ્પર, ૧૦ ટ્રેક્ટર અને ૬૦થી વધુ શ્રમિકો કામે લાગ્યા છે. અત્યાર સુધીમાં સંપૂર્ણ બંધ થયેલા ૧૧ રસ્તાઓ ફરી ખુલ્લા કરાયા છે. તંત્ર આગામી ૪૮ કલાકમાં બાકીના રસ્તા પૂર્વવત કરવા પ્રયત્નશીલ છે.

# ધારી તાલુકાના જર ગામે કેનાલમાંથી મેડિકલ વેસ્ટનો જથ્થો મળતા ચકચાર

અમરેલી,તા.૦૮



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના જર ગામ નજીક આવેલી ડેમની કેનાલના માપ લેવલ માટેના કૂવામાંથી મોટી માત્રામાં બાયોમેડિકલ વેસ્ટ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહીશોમાં તીવ્ર નારાજગી અને ચિંતા ફેલાઈ છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ મેડિકલ વેસ્ટ ત્યાં લાંબા સમયથી પડ્યો હોવાની પૂરેપૂરી શક્યતા છે.સૌથી મોટો ખતરો એ છે કે આ દૂષિત કચરો કેનાલના વહેતા પાણી સાથે ભળી જશે તો આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોના આરોગ્ય પર તેની ગંભીર અને જીવલેણ અસરો થઈ શકે છે. આ ગેરકાયદેસર રીતે ફેંકાયેલા કચરામાં વપરાયેલી સિરિન્જ, ગ્લોવ્સ, ડ્રેસિંગ મટીરિયલ અને નકામી દવાઓ સામેલ છે, જે ચેપજન્ય રોગોચાળો ફેલાવી શકે છે. સ્થાનિકોએ તંત્ર પાસે માંગ કરી છે કે આ જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, કચરાનો વૈજ્ઞાનિક ઢબે તાત્કાલિક નિકાલ થાય અને કેનાલના પાણીની ગુણવત્તાની યોગ્ય ચકાસણી કરવામાં આવે જેથી કોઈ મોટું સ્વાસ્થ્ય સંકટ ઊભું ન થાય. પ્રશાસન દ્વારા આ મામલે ટૂંક સમયમાં તપાસ શરૂ થાય તેવી સંભાવના છે.

# કોડિનારમાં પ્રૌઢાની છેતરપિંડીથી સોનાની બુટ્ટી પડાવી ફરાર થયેલો આરોપી ઝડપાયો

કોડીનાર,તા.૦૮



તસવીર : કુલદીપ પાઠક

કોડીનારમાં વૃધ્ધ મહિલાને પેન્શન ફોર્મ ભરાવી આપવાના બહાને વિશ્વાસમાં લઈને એક શખ્સે તેમની સોનાની બુટ્ટી ઠગી લીધી હતી.

મહિલા સ્ટેટ બેંકમાંથી રૂપિયા ઉપાડવા ગયા ત્યારે આરોપીએ તેમને જૂના બસ સ્ટેન્ડ નજીક લઈ જઈ ફોર્મ માટે સોનાની બુટ્ટી બતાવવાની જરૂર હોવાનું કહી બુટ્ટી લઈ ફરાર થયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ તપાસના આધારે સિંઘાજ ગામના રોહિત મસરીભાઈ કછોટને ઝડપી પાડી ચોરાયેલી સોનાની બુટ્ટી કબજે કરી છે.

# અમરેલી પોલીસની મોટી સફળતા: જૂન મહિનામાં નાસતા-ફરતા અને ફરાર ૩૯ આરોપીઓ ઝડપાયા

અમરેલી,તા.૦૮



ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે યોજાયેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત, અમરેલી જિલ્લા પોલી દ્વારા જૂન-૨૦૨૬ દરમિયાન એક ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન પોલીસની વિવિધ ટીમોએ સઘન એક્શન પ્લાન દ્વારા પેરોલ જમ્પ કરનાર, ક્રિમિનલ ટાર્ગેટેડ કેસો અને સજા વોરંટના કુલ ૩૯ આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કરનાર ૧ કેદી, સાત વર્ષથી ફરાર ૪ ટાર્ગેટેડ આરોપીઓ અને વર્ષોથી નાસતા-ફરતા સજા વોરંટના ૧૧ આરોપીઓનો સમાવેશ થાય છે. આ સફળ કામગીરી દરમિયાન ધારી કોર્ટના કેસમાં સાત વર્ષથી ફરાર અમિત અને કાર્તિક માધવાણી, આર્મ્સ એક્ટનો આરોપી સુરેશ ગર્ગ, તેમજ પોક્સો અને અપહરણના ગંભીર ગુનાઓમાં સાત વર્ષથી નાસતા-ફરતા મહેન્દ્ર પરમાર અને હરસીંગ મહિડા જેવા મુખ્ય ઈસમોને અલગ-અલગ વિસ્તારોમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

# પોરબંદર નજીક ભારતીય નૌસેનાનું અનમેન્ડ UAV ક્રેશ

પોરબંદર,તા.૦૮

પોરબંદર જિલ્લાના ધરમપુર ગામ નજીક ભારતીય નૌસેનાનું અનઆર્મ્ડ અનમેન્ડ એરિયલ વેહિકલ (UAV) ક્રેશ થવાની ઘટના સામે આવી છે. ધરમપુર ગામ પાસે આવેલા નેશ વિસ્તારમાં નિયમિત ઉડાન દરમિયાન UAV અચાનક નીચે પટકાતા જોરદાર અવાજ સંભળાયો હતો. ઘટનાની જાણ થતા ભારતીય નૌસેનાની ટીમ, સ્થાનિક પોલીસ તેમજ ફાયર વિભાગના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. સુરક્ષાને ધ્યાનમાં રાખી સમગ્ર વિસ્તારને કોર્ડન કરી સામાન્ય લોકોની અવરજવર રોકવામાં આવી હતી. નૌસેનાના ટેકનિકલ નિષ્ણાતોએ UAVના કાટમાળનું નિરીક્ષણ શરૂ કર્યું છે. પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખામી, હવામાનની અસર અથવા અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે. અધિકારીઓએ સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ શરૂ કરી છે.

# આગામી દિવસોમાં ૫૦ હજાર પોલીસકર્મીઓની ભરતી કરાશે

ગાંધીનગર,તા.૮

ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે આગામી દિવસોમાં ગુજરાતમાં અંદાજે ૫૦ હજાર પોલીસકર્મીઓની ભરતી કરવામાં આવશે. તેમણે નવનિયુક્ત પીએસઆઈ અને પોલીસકર્મીઓને સંબોધતાં કહ્યું કે પોલીસની નોકરી માત્ર રોજગાર નહીં, પરંતુ જનસેવાની જવાબદારી છે. પોલીસ વડા જી.એસ. મલિકે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા બદલ ભરતી બોર્ડની પ્રશંસા કરી.

Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| હંસાબેન ભુપતભાઈ ઉમટ શ્રી નિરજભાઈ ગોવિંદભાઈ બારૈયા ૨૦૦૦૨૦૬૦૦૦૫૧૩૫ | તમામ ચલ અને અચલ સંપત્તિ, વિસ્તારનું માપન ૯૦.૦૦ ચો. મીટર, સર્વે નંબર ૧૩૬/૧ પૈકી, પ્લોટ નંબર ૩૦ પૈકી, જેસર રોડ, ગામઃ સાવર સામાપાદર, તાલુકોઃ સાવરકુંડલા, જિલ્લોઃ અમરેલી, ગુજરાત.,૩૬૪૫૧૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ ૬.૦૦ મીટર રોડ, પૂર્વઃ બાજુના પ્લોટ નંબર ૩૦ પૈકીની સીમા, પશ્ચિમઃ સર્વે નં. ૧૩૬ને અડીને આવેલો, દક્ષિણઃ ૬.૦૦ મીટર રોડ | માર્ચ ૨૦, ૨૦૨૬ | જુલાઈ ૦૪, ૨૦૨૬ | રૂ.૯,૩૩,૧૪૯.૧૩ (માર્ચ ૦૯, ૨૦૨૬ ના રોજ) |

સ્થળઃ અમરેલી
તારીખઃ જુલાઈ ૦૯, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# ભારે વરસાદથી સુત્રાપાડાના વડોદરા ઝાલા ગામનો મુખ્ય માર્ગ પ્રભાવિત

ગીર સોમનાથ,તા.૦૮



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામે ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. ગામના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા હતા. પરિસ્થિતિની ગંભીરતા જોઈને સુત્રાપાડાના મામલતદાર સહિતનું મહેસૂલ તંત્ર અને ગ્રામ પંચાયતની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.ઘરોમાં પાણી ઘૂસે તે પહેલાં જ તંત્રે ૬ થી ૭ જેસીબી મશીનોની મદદથી વરસાદી પાણીના ઝડપી નિકાલ માટેની કામગીરી હાથ ધરી છે. તંત્રની આ સમયસરની કામગીરીથી સંભવિત મોટું નુકસાન ટળી ગયું છે.

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.33/2026
મરણ તારીખ : 22/05/1996

ભોળા વિજાણંદભાઈ દાનાભાઈ,
રહે.વડનગર, ગામ-વડનગર, તાલુકો-કોડિનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વડનગર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભોળા વિજાણંદભાઈ દાનાભાઈ, રહે.વડનગર, ગામ-વડનગર,તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પત્ની સ્વ. અજાયબેન વિજાણંદભાઈનું મરણ તારીખ.22/05/1996ના રોજ કોડીનાર તાલુકાના વડનગર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ ૦૭ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.225/2026
જન્મ તારીખ : 12/12/1964

વંશ કાનાભાઈ પુનાભાઈ,
રહે.પણાંદર, ગામ-પણાંદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત પણાંદર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વંશ કાનાભાઈ પુનાભાઈ, રહે.પણાંદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પુનાભાઈ માયાભાઈ વંશ તથા કડવીબેન પુનાભાઈ વંશ ના પુત્રી ધનીબેન પુનાભાઈ વંશનો જન્મ તારીખ.12/12/1964ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.224/2026
જન્મ તારીખ : 01/06/1964

જેનુબેન સીદીશા રફાઈ,
રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જેનુબેન સીદીશા રફાઈ, રહે.ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સીદીશા જુમાશા શેખ તથા જેનુબેન સીદીશા રફાઈ ના પુત્રી જીલુબેન સીદીશા રફાઈનો જન્મ તારીખ.01/06/1964ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.31/2026
મરણ તારીખ : 01/06/1959

હિરૂબેન પીઠાભાઈ ચાવડા,
રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રેમીબેન ચુનીલાલ કોટીયા, રહે.લોઢવા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. આહીબેન પીઠાભાઈ ચાવડાનું મરણ તારીખ.01/06/1959ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ ૦૭ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૩/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી માલુબેન દેવાભાઈ ટાલિયા તેણી રાજાભાઈ ગોવિંદભાઈ ઢાન્ટાના પત્નિ
રહે.૧૪૫, મોતીપેલેસ ટાઉનશીપ-૧, ટીંબાવાડી, જુનાગઢ.
........અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
લાલપુર, તા. વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી માલુબેન દેવાભાઈ ટાલિયા તેણી રાજાભાઈ ગોવિંદભાઈ ઢાન્ટાના પત્નિ રહે.૧૪૫, મોતીપેલેસ ટાઉનશીપ-૧, ટીંબાવાડી, જુનાગઢ.એ તેમનો જન્મ તા.૦૪/૦૩/૧૯૮૩ ના રોજ વિસાવદર તાલુકાના લાલપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, લાલપુર તા.વિસાવદરના જન્મ-મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, લાલપુર, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૫/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી જયેશભાઈ જીવરાજભાઈ કાનપરા તે જીવરાજભાઈ શંભુભાઈ કાનપરાના પુત્ર
રહે.પ્લોટ નં.૫, શીવ વાટીકા વિભાગ-૨, દાદા ભગવાનના મંદિર પાસે,
કામરેજ, તા.જિ.સુરત ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
કાલસારી, તા. વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી જયેશભાઈ જીવરાજભાઈ કાનપરા તે જીવરાજભાઈ શંભુભાઈ કાનપરાના પુત્ર રહે.પ્લોટ નં.૫, શીવ વાટીકા વિભાગ-૨, દાદા ભગવાનના મંદિર પાસે, કામરેજ, તા.જિ.સુરતએ તેમનો જન્મ તા.૨૭/૧૨/૧૯૭૩ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ/મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી તા.વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.232/2026
જન્મ તારીખ : 20/04/2010

કરશનભાઈ કાનાભાઈ ચુડાસમા,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, ડોળાસા, તા.કોડીનાર, કોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કરશનભાઈ કાનાભાઈ ચુડાસમા, રહે.ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કરશનભાઈ કાનાભાઈ ચુડાસમા તથા જસીબેન કરશનભાઈ ચુડાસમા ના પુત્ર ચુડાસમા અરમાન કરશનભાઈનો જન્મ તારીખ.20/04/2010 ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.209/2026
જન્મ તારીખ : 04/08/1993

ઉષાબેન રામજીભાઈ આંજણી,
રહે.વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, વેલણ, તા.કોડીનાર, કોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઉષાબેન રામજીભાઈ આંજણી, રહે.વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રામજીભાઈ કાનજીભાઈ સોલંકી તથા રમાબેન રામજીભાઈ સોલંકી ના પુત્ર આંજણી અશોક રામજીનો જન્મ તારીખ.04/08/1993 ના રોજ કોડીનાર તાલુકાના માઢવડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મેટિંગ પિરિયડ દરમિયાન યુવકો સિંહોની ખૂબ નજીક પહોંચી ગયા હોવાનું અનુમાન, જો કે તપાસ બાદ સાચી વિગત બહાર આવશે**

# લીલીયાનાં અંટાળીયા પાસે સિંહ દર્શન કરવા ગયેલા યુવકને સિંહે ફાડી ખાધો

**વન વિભાગની કામગીરી સામે સવાલો**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લાના લીલીયા વન વિભાગ હેઠળ આવતા અંટાળીયા ગામ નજીક એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રેવન્યુ અને રિઝર્વ ફોરેસ્ટ બોર્ડર પર સિંહ દર્શન કરવા ગયેલા કેટલાક યુવકો પર સિંહોએ હુમલો કર્યો હતો. સિંહ અને સિંહણના મેટિંગ પિરિયડ (સંવનન કાળ) દરમિયાન આ યુવકો સિંહોની ખૂબ નજીક પહોંચી ગયા હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું છે. જો કે તપાસ બાદ સાચી વિગત બહાર આવશે.

સિંહોના આ આક્રમક મૂડ વચ્ચે નજીક ગયેલા ૨૧ વર્ષીય સોહીલ મેમણ નામના યુવક પર સિંહોએ હુમલો કર્યો હતો. સિંહ તેને ઢસડીને દૂર સુધી લઈ ગયો હતો, જ્યાં ગંભીર ઈજાઓ થવાના કારણે યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે.



ઘટનાની જાણ થતાં જ લીલીયા વન વિભાગ અને પોલીસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે, ગુસ્સે ભરાયેલા સાવજો મૃતક યુવકના દેહ પર જ બેસી રહ્યા હોવાથી સ્થિતિ વધુ તંગ બની હતી. આખરે, વન વિભાગની ટીમે સરકારી વાહનોના કાફલા સાથે અંદર પ્રવેશીને ભારે જહેમત અને મહામુસીબતે સાવજોને ત્યાંથી દૂર ખસેડ્યા હતા અને યુવકના મૃતદેહનો કબજો મેળવ્યો હતો.

આ ઘટના બાદ વન વિભાગે સિંહ દર્શન કરી રહેલા અન્ય કેટલાક સ્થાનિક શંકાસ્પદ યુવકોની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વન્યજીવોના હુમલામાં માનવ મૃત્યુના બનાવો સતત વધી રહ્યા છે, જેને કારણે સ્થાનિક લોકોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છે. આ ગંભીર ઘટના બાદ સ્થાનિક સ્તરે એવા સવાલો પણ ઉઠી રહ્યા છે કે જો આ વિસ્તારમાં આ પ્રકારે ગેરકાયદેસર સિંહ દર્શન ચાલતા હતા, તો વન વિભાગ અત્યાર સુધી શું કરી રહ્યું હતું? વન વિભાગની આવી બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

**અન્ય બે શંકાસ્પદ યુવકોની વનવિભાગે પૂછપરછ કરી**

# મહુવાના બાંભણિયા ગામમાં દીપડાએ ૧૦ વર્ષના બાળકને ફાડી ખાતા અરેરાટી

ભાવનગર,તા.૦૮

ભાવનગર જિલ્લાના મહુવા પંથકમાં માનવભક્ષી દીપડાએ કાળો કેર વર્તાવ્યો છે. બાંભણિયા ગામે શાળાએથી વાડીએ જઈ રહેલા ૧૦ વર્ષના માસૂમ બાળક નિત્ય પ્રકાશભાઈ ગોંડલિયા પર દીપડાએ અચાનક હુમલો કરી તેને ફાડી ખાધો હતો. બાળક સમયસર ન પહોંચતા શોધખોળ



દરમિયાન તે લોહીલુહાણ હાલતમાં મળ્યો હતો, જ્યાં હોસ્પિટલમાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક નિત્ય તેના પિતાનો એકનો એક પુત્ર હતો, જેથી પરિવાર અને ગામમાં આક્રંદ છવાયું છે.મહુવા તાલુકામાં માનવ પર વન્ય પ્રાણીના હુમલાની આ ત્રીજી જીવલેણ ઘટના છે, જેને પગલે ગ્રામજનોમાં વન વિભાગ સામે ભારે આક્રોશ છે. હાલ વન વિભાગે દીપડાને પાંજરે પૂરવા તજવીજ હાથ ધરી છે અને લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.

# મહારાષ્ટ્રના સતારામાં વીજ કરંટથી એક જ પરિવારના ચાર સભ્યોના મોતથી અરેરાટી

મુંબઈ,તા.૦૮

મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ફલટણ તાલુકાના ખામગાંવમાં વીજળીનો કરંટ લાગતાં એક જ પરિવારના ચાર સભ્યોના કરુણ મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ, પરિવારના ઘરની સામે આવેલા વીજ કેબલના સંપર્કમાં આવતાં અકસ્માત સર્જાયો હતો. એક સભ્યને બચાવવા માટે અન્ય



સભ્યો આગળ આવ્યા, પરંતુ એક પછી એક ચારેયને વીજ કરંટ લાગતાં ઘટનાસ્થળે જ તેમના મોત થયા હતા. મૃતકોમાં બે પુરુષ અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. તેમની ઓળખ કિશોરદે શિંદે, સચિન શિંદે, ગગયા શિંદે અને અર્ચના શિંદે તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ ફલટણ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક લોકોમાં પણ ભારે દુઃખની લાગણી જોવા મળી હતી.

# બગસરાના હુડકો વિસ્તારમાંથી ગુમ થયેલા માનસિક અસ્થિર મહિલાનું હાડપિંજર મળી આવતા ચકચાર

બગસરા,તા.૦૮

બગસરા શહેરમાં ગત તારીખ ૨૬ ના રોજ તાજીયાના જુલુસ દરમિયાન વિજય ચોક વિસ્તારમાંથી હુડકો કોલોનીમાં રહેતા ૬૦ વર્ષીય માનસિક અસ્થિર મહિલા હમીદાબેન હનીફભાઈ ભટ્ટી ગુમ થયા હતા. આ અંગે તેમના પરિવારજનો અને સમાજના અગ્રણીઓએ પોલીસ મથકે અરજી પણ કરી હતી.



દરમિયાન, આજે શહેરના હુડકો વિસ્તારમાં આવેલી નર્સિંગ સ્કૂલની પાછળના ભાગમાંથી આ મહિલાનું હાડપિંજર મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી હાડપિંજરને બગસરા સિવિલ હોસ્પિટલ ખસેડ્યું હતું, જ્યાંથી વધુ તપાસ અને ઓળખ માટે તેને ભાવનગર એફ.એસ.એલ. (FSL) ખાતે મોકલવામાં આવ્યું છે. પ્રાથમિક તારણ મુજબ કોઈ જંગલી જનાવરે મૃતદેહને ફાડી ખાધો હોવાની આશંકા છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે એફબીઆઈનું 'ઓપરેશન હાર્ડ બોલ', અનેક સ્થળોએ દરોડા

નવીદિલ્હી,તા.૦૮

અમેરિકાની ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) એ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે 'ઓપરેશન હાર્ડ બોલ' શરૂ કરીને અમેરિકા, કેનેડા અને યુરોપમાં વ્યાપક કાર્યવાહી હાથ ધરી છે. એફબીઆઈ અને તેની ભાગીદાર એજન્સીઓએ આશરે ૫૦ સ્થળોએ દરોડા પાડી ઓછામાં ઓછા ૨૦




શંકાસ્પદોની અટકાયત કરી હતી. કાર્યવાહી દરમિયાન હથિયારો, ડ્રગ્સ અને અન્ય પ્રતિબંધિત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. એફબીઆઈના જણાવ્યા મુજબ, આ ઓપરેશનમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ તેમજ તેના કથિત સાથી ગોલ્ડી બ્રાર અને જગ્ગુ ભગવાનપુરિયા સાથે જોડાયેલા નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યું છે. એફબીઆઈએ ગોલ્ડી બ્રારની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ૫૦ હજાર અમેરિકન ડોલરનું ઈનામ પણ જાહેર કર્યું છે.

# ઓટો-રિક્ષામાં મહિલાએ ચાર બાળકોને જન્મ આપ્યો, ચારેય નવજાતના મોત

ભોપાલ,તા.૦૮

મધ્યપ્રદેશના મંડલા જિલ્લામાં હોસ્પિટલ જતી વખતે એક મહિલાએ ઓટો-રિક્ષામાં ચાર બાળકોને જન્મ આપ્યો હતો. અકાળે જન્મેલા ત્રણ બાળકી અને એક બાળકનું જન્મ બાદ જ મૃત્યુ થયું હતું. પરિવારજનોએ એમ્બ્યુલન્સ સમયસર ન મળતાં નવજાતોના મોત થયાનો આક્ષેપ કર્યો છે. જોકે જિલ્લા મુખ્ય તબીબી



અને આરોગ્ય અધિકારી ડૉ. ડી.જે. મોહંતીના જણાવ્યા મુજબ, ચારેય બાળકો સાતમા મહિનામાં જનમ્યા હતા અને તેમનું વજન આશરે ૧.૫ કિલોગ્રામ હોવાથી તેમને બચાવી શકાયા નહોતા.

# દેશમાં હવે પોલીસ માટે એક સરખી વર્દી લાગુ કરવાનો મહત્વનો નિર્ણય

નવી દિલ્હી,તા.૮

જુલાઈઃ દેશની તમામ પોલીસ માટે એકસમાન ઓળખ ઊભી કરવાના હેતુથી 'એક દેશ, એક વર્દી' ની દિશામાં મોટો નિર્ણય લેવાયો છે. વડાપ્રધાનના વર્ષ ૨૦૨૨ના વિચારને આગળ ધપાવતા હવે તમામ રાજ્યોમાં માત્ર ખાખી રંગની જ વર્દી રહેશે. સફેદ, વાદળી કે કાળા જેવા અન્ય રંગો દૂર કરાશે.



માત્ર રંગ જ નહીં, પરંતુ વર્દીની ડિઝાઈન અને ખાખીની ચોક્કસ શેડ (રંગછટા) પણ આખા દેશમાં એકસરખી રાખવામાં આવશે. ગૃહ મંત્રાલય હેઠળની સંસ્થા 'પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરો' (BPRD) એ લાંબા અભ્યાસ અને રાજ્યોના અભિપ્રાયો બાદ ખાખી રંગને આખરી મંજૂરી આપી છે, કારણ કે તે વર્ષોથી પોલીસની મુખ્ય ઓળખ રહ્યો છે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.30/2026
મરણ તારીખ : 01/06/1972

હિરૂબેન પીઠાભાઈ ચાવડા,
રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હિરૂબેન પીઠાભાઈ ચાવડા, રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા સ્વ. પીઠાભાઈ નગાભાઈ ચાવડાનું મરણ તારીખ.01/06/1972ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ ૦૭ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.238/2026
જન્મ તારીખ : 19/12/1974

આરબ હમિદા સાલમબીન,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, દેવળી (દેદાની), તા.કોડીનાર, કોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી આરબ હમિદા સાલમબીન, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સાલમબીન મહંમદભાઈ આરબ તથા હમિદા સાલમબીન આરબ ના પુત્રી અનિશાબેન સાલમબીન આરબનો જન્મ તારીખ.19/12/1974 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.222/2026
જન્મ તારીખ : 01/06/1978

પ્રેમીબેન ચુનીલાલ કોટીયા,
રહે.વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રેમીબેન ચુનીલાલ કોટીયા, રહે.વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ચુનીલાલભાઈ લખમભાઈ કોટીયા તથા પ્રેમીબેન ચુનીલાલ કોટીયા ના પુત્રી કોટીયા સવિતાબેન ચુનીલાલનો જન્મ તારીખ.01/06/1978ના રોજ કોડીનાર તાલુકાના માઢવડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.29/2026
મરણ તારીખ : 01/06/1948

હિરૂબેન પીઠાભાઈ ચાવડા,
રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હિરૂબેન પીઠાભાઈ ચાવડા, રહે.લોઢવા, ગામ-લોઢવા, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. જીવીબેન પીઠાભાઈ ચાવડાનું મરણ તારીખ.01/06/1948ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ ૦૭ સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.221/2026
જન્મ તારીખ : 26/09/2002

પાંજરી રામજીભાઈ રામાભાઈ,
રહે.માઢવડ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પાંજરી રામજીભાઈ રામાભાઈ, રહે.માઢવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પાંજરી રામજીભાઈ રામાભાઈ તથા પાંજરી મણીબેન રામજીભાઈ ના પુત્ર પાંજરી ધરમેશ રામજીભાઈનો જન્મ તારીખ.26/09/2002ના રોજ કોડીનાર તાલુકાના માઢવડ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## રાજ્યના ૫૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો, વલસાડ જિલ્લામાં ભારે વરસાદના પગલે મધુબન બંધમાં પાણીની નોંધપાત્ર આવક

# અમરેલી સહિત રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદની સંભાવના


વલસાડ,તા.૦૮

રાજ્યમાં એક સાથે પાંચ જેટલી હવામાન પ્રણાલીઓ (વેધર સિસ્ટમ) સક્રિય થવાના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના પંથકોમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અનેક વિસ્તારોમાં સવારથી જ ધોધમાર વરસાદ તૂટી પડતાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર બન્યા છે અને સ્થાનિક નદી-નાળાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

૮ જુલાઈના રોજ સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીના માત્ર ચાર કલાકના ટૂંકા ગાળામાં જ રાજ્યના ૫૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ ખાબક્યો હતો. જેમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં સૌથી વધુ ૧.૨૬ ઈંચ, જ્યારે નાનાપોંઢા વિસ્તારમાં ૧.૧૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. સતત વરસી રહેલા આ મુશળધાર વરસાદના લીધે શહેરી અને ગ્રામીણ વિસ્તારોના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના કારણે વાહનવ્યવહાર પર પણ માઠી અસર પડી છે.

હવામાન વિભાગના સત્તાવાર બુલેટિન અનુસાર, ગુજરાત પર હાલમાં એક મજબૂત લો-પ્રેશર (દબાણની સ્થિતિ) સર્જાયેલી છે, જેની સાથે બે અલગ-અલગ પવનરેખાઓ (ટ્રફ) પણ સક્રિય છે. આ સિસ્ટમના કારણે આગામી સમયમાં પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની પૂરેપૂરી સંભાવના છે.

તંત્ર દ્વારા નવસારી, વલસાડ, ડાંગ, દમણ તેમજ દાદરા અને નગર હવેલી જેવા સરહદી વિસ્તારો માટે 'અતિ ભારે વરસાદ'ની રેડ એલર્ટ જેવી ચેતવણી જાહેર કરવામાં આવી છે.



આ સિવાય સુરત, તાપી, નર્મદા, છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, ભાવનગર અને અમરેલી સહિતના જિલ્લાઓમાં પણ 'ભારે વરસાદ'ની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતના અન્ય ભાગોમાં સામાન્યથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેશે. જોકે, રાહતના સમાચાર એ છે કે આવતીકાલથી વરસાદનું આ જોર ધીમે-ધીમે ઘટવાની શક્યતા છે.

ચાલુ ચોમાસાની સીઝન દરમિયાન રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ કરતાં અંદાજે ૬ ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે. ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો, સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશોમાં હજુ પણ સરેરાશ કરતાં ૧૮ ટકા જેટલી વરસાદની ઘટ જોવા મળી રહી છે. તેની સામે દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર સારી રહી છે અને ત્યાં સામાન્ય કરતાં આશરે ૫ ટકા વધુ વરસાદ નોંધાતા તમામ નાના-મોટા જળાશયોમાં પાણીની ભરપૂર આવક થઈ રહી છે.

વલસાડ જિલ્લાના ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે પ્રખ્યાત મધુબન બંધ (ડેમ)માં પાણીની ઐતિહાસિક આવક નોંધાઈ છે. ડેમની જળસપાટી સલામત સ્તર વટાવીને ૭૩.૪૦ મીટર સુધી પહોંચી ગઈ છે. સાવચેતીના પૂર્વપગલાં રૂપે વહીવટી તંત્ર દ્વારા ડેમના કુલ ૧૦ દરવાજામાંથી ૮ દરવાજા ૪ મીટર સુધી ખોલી નાખવામાં આવ્યા છે. હાલમાં ડેમમાંથી તબક્કાવાર આશરે ૧,૨૪,૭૬૪ ક્યુસેક (ઘનફૂટ પ્રતિ સેકન્ડ) પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે, જેને કારણે નદી કિનારાના તમામ ગામોને એલર્ટ કરી દેવાયા છે.

બીજી તરફ, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાંથી વહેતી અંબિકા નદી પણ બે કાંઠે થઈ છે. નદીની સપાટી તેની ભયજનક મર્યાદાથી હવે માત્ર ચાર ફૂટ જ દૂર રહી ગઈ છે. પૂરના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) દ્વારા નદીકાંઠાના તમામ નીચાણવાળા ગામો પર ૨૪ કલાક સતત મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે અને સ્થાનિક લોકોને નદી કિનારે ન જવા તેમજ જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# TET મુદ્દે શિક્ષકોનો સરકાર સામે મોરચો, ૧૧ જુલાઈએ ગાંધીનગરમાં ધરણા યોજાશે

અમદાવાદ, તા.૦૮

ખેડૂતોના આંદોલન બાદ હવે રાજ્યના શિક્ષકો પણ પોતાની માંગણીઓને લઈને સરકાર સામે મોરચો ખોલવા જઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના TET ફરજિયાતના નિર્ણય બાદ વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયના વિરોધમાં અગાઉ જિલ્લાકક્ષાએ ધરણા અને વિરોધ પ્રદર્શન યોજાયા હતા, પરંતુ માંગણીઓનો ઉકેલ ન આવતા હવે ૧૧ જુલાઈના રોજ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મહાધરણાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૩૦ હજારથી વધુ શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાશે તેવી શક્યતા




વ્યક્ત કરવામાં આવી છે. શિક્ષકોની મુખ્ય માંગ છે કે વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે. સુપ્રીમ કોર્ટે પાંચ વર્ષથી વધુ નોકરી બાકી હોય તેવા શિક્ષકો માટે TET પાસ કરવી ફરજિયાત ગણાવી છે. પરીક્ષા પાસ નહીં કરનાર શિક્ષકોને રાજીનામું આપવું પડે અથવા ફરજિયાત નિવૃત્તિ સ્વીકારવી પડે તેવી જોગવાઈને લઈને શિક્ષકોમાં ચિંતા અને નારાજગી વધી રહી છે.

# રાજ્ય સરકારે માછીમારો માટે રૂ. ૧૫ની ડીઝલ પર વેટ સહાયને મંજૂરી આપી

ગાંધીનગર,તા.૦૮

રાજ્યમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠક યોજાઈ હતી. બેઠકમાં માછીમારોના હિતમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકાર દ્વારા બોટ માલિકોને પ્રતિ લિટર રૂ. ૧૫ની ડીઝલ વેટ રાહત આપવાની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે અગાઉ યોજનામાં રહેલી ૨૦ મીટરની બોટની લંબાઈની મર્યાદા દૂર કરવામાં આવી છે. આ નિર્ણયના કારણે હવે રાજ્યની ૧૮ હજારથી વધુ ફિશિંગ બોટોને સીધો લાભ મળશે. અગાઉ



માત્ર નિર્ધારિત લંબાઈ સુધીની બોટોને જ સહાય મળતી હતી, પરંતુ નવા નિર્ણયથી નાના અને મોટા તમામ બોટ માલિકો યોજનાનો લાભ મેળવી શકશે. સરકારના આ નિર્ણયથી માછીમારોનો ખર્ચ ઘટશે, આર્થિક રાહત મળશે અને રાજ્યના મત્સ્યોદ્યોગને પણ વધુ પ્રોત્સાહન મળશે.

# મુંબઈમાં ભારે વરસાદને કારણે રાજકોટથી અનેક ટ્રેન રદ કરાઈ

રાજકોટ,તા.૦૮

મુંબઈમાં મુશળધાર વરસાદ અને રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે પશ્ચિમ રેલવેના વાહનવ્યવહાર પર માઠી અસર પડી છે. ટ્રેનોના સંચાલનમાં જરૂરી રેક (ડબ્બાઓ) ઉપલબ્ધ ન હોવાથી રાજકોટ વિભાગમાંથી પસાર થતી ૫ ટ્રેનો રદ કરાઈ છે.

જેમાં ૭ જુલાઈએ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, ઓખા-વેરાવળ એક્સપ્રેસ, જામનગર-બાંદ્રા હમસફર એક્સપ્રેસ, ૮ જુલાઈએ વેરાવળ-ઓખા એક્સપ્રેસ અને ૯ જુલાઈએ



ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેલ રદ રહેશે. આ ઉપરાંત, અગાઉ રદ કરાયેલી વેરાવળ-મુંબઈ જનતા એક્સપ્રેસ હવે વેરાવળને બદલે અમદાવાદથી મુંબઈ વચ્ચે દોડશે (આંશિક રદ). રેલવે તંત્રએ મુસાફરોને પ્રવાસ શરૂ કરતા પહેલાં ટ્રેનની સ્થિતિ ચકાસી લેવા વિનંતી કરી છે. ત્યાં સુધી ટ્રેનોના સમયપત્રકમાં વધુ ફેરફાર થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. મુસાફરોને યાત્રા શરૂ કરતા પહેલાં ટ્રેનની હાલની સ્થિતિની ખાતરી કરી લેવા તેમજ જરૂરી માહિતી મેળવીને જ પ્રવાસનું આયોજન કરવા રેલવે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. સતત વરસાદને કારણે અનેક મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને આગામી દિવસોમાં પરિસ્થિતિ સામાન્ય બનવાની રાહ જોવામાં આવી રહી છે.

